

A Model

Kishor Raval
Watercolor



મદિરા સે ભિગી અખિયા
મહેન્દ્ર શાહ
Watercolor

પ્રણય ત્રિકોણ
શારદા તરસારિયા (નૉર્થ કૅરોલાઈના)
Photo

ડાભી
મહેન્દ્ર શાહ (પિટ્સબર્ગ)
Pen and ink

વર્ષાનાં રંગો
જય આલગિયા (ફિનિક્સ ઍરિઝોના)
Watercolor

શબરીનાં બોર

કોકિલા રાવળ

રાજેન્દ્ર શુક્લ

જોઈ અટૂલી મહેક સમય પૂછતો ફરે-
'ફોર્યાં' અહીં જે ફૂલ તે ફ્યારે ખરી ગયાં?
વાતો રહી ગઈ એ કસૂંબલ મિજાજની,
એ ઘેન, એ ઘટા, એ ઘૂંટ-સહુ સરી ગયાં!

અમથું રે અડકાડ્યું જીરણ દ્વાર
એકલું કદી વળગતું મૂંગી વાતે
'તમે અમારી અંધ આંખની ઉઘાડબીડ,
ને તમે હવે તો માત્ર હવાની હલચલ.'

એકેય શબ્દ પ્યાસને પામી શકે નહીં,
એકાંતને અસંખ્ય ખડક તોડવા પડ્યા.
મારા મહેલબંધ હતાં બિંબ અન્યનાં,
સોહામણાં હતાં જ, છતાં ફોડવાં પડ્યાં.

જગદીશ જોષી

વાતે વાતે તને વાંકું પડ્યું:
ને મેં વાતોની કુંજગલી છોડી દીધી.
શબ્દોને પંથ કોણ કોને નડ્યું?
મેં તો વાતોની કુંજગલી છોડી દીધી.

આટલા બધા સંબંધ: એને કેમ કરીને રાખું?
શબરીની જેમ એક પછી એક બોરને જાણે ચાખું.
નહીં જાણું હું કઈ ઘડીએ આવશે છેવટ રામ
રાતાં રાતાં બોરની પાછળ ધબકે કોનું નામ?

અમને પાગલને પાગલ કહી વારો નહીં,
અમને બીડેલા હોઠે પુકારો નહીં.

બારી ખોલો ને કરો બારણાં તો બંધ
છલકાયે નહીં એ તો કેવો ઉમંગ?

'મરીઝ'

જીવન તો ગયું તારી મરજી મુજબ,
મને મારી રીતે દે મરવાના દિન.
હવે રાતની ઊંઘની શી જરૂર?
હવે છે સ્વપનમાં વિહરવાના દિન.

નવીનતાને ન ઠુકરાવો, નવીનતા પ્રાણપોષક છે,
જુઓ કુદરત તરફથી શ્વાસ પણ જૂના નથી મળતા.
પછી આ વિરહ રાતે, જો ફરે છે કોણ આંખોમાં,
કહ્યું કોણે કે અંધારામાં પડછાયા નથી મળતા.

ખબર પડી કે છૂટી જાશે આજકાલમાં ગાંઠ
હૃદયને ભૂલી ગયા, વાળીને રૂમાલમાં ગાંઠ.
તમારી યાદના ફેરાઓ કેવા મંગળ છે!
હજાર બાંધીને છોડી દીધી ખયાલમાં ગાંઠ.

ભાલચંદ્ર નાણાવટી

વ્યથાઓ મેળવશું, તવ સ્નેહ ના મળે તો,
લોચનો લોતાં જવું, જો વિરહ એક મળે તો,
યાદ કરતા રહેશું, જુવાનીમાં જુદાઈ મળે તો,
જીવન જીવી જશું, ફક્ત એક મુલાકાત મળે તો.

પ્રણયના છોડની ક્યારી
જિગરના ખૂનથી સિંચી
મૃદુ મુરઝાશે આ વેલી
રખે! બેવફાઈ ના પાવી

પ્રીતમ લખલાણી

કોઈ સવારે
કાળમીંઢ શિલા પર
મુલાયમ આભનો સ્નેહ
ઝાકળ થઈને વરસી પડે છે.
ત્યારે શિલાની તિરાડમાંથી
રોમાંચ અનુભવતું ઘાસ
સૂર્ય કિરણની આંગળી પકડી
હવાના લહેરાતા પાલવ પર
શું ઘૂંટતું હશે?

ધ્રુવ ભટ્ટ

ફાટેલા ખિસાની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ
એકલો ઊભું ને તોય મેળામાં હોઉં એવું
લાગ્યા કરે છે મને રોજ
તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે
અને ઉપરથી કુદરતની રહેમ છે

પાંખમાં ભરીને ચલો આખું આકાશ
કોઈ તગતગતા સરોવરમાં ઢોળીએ
ભાંગતા કિનારાનું ભાંગે એકાંત
એવી કલબલતી કોઈ વાત બોલીએ
માળાનો હોય નહીં આપણને સાદ
ટૂંકા રક્ષણ છીએ આપણે
યાયાવર ગાન છીએ આપણે

ગઝલ
'બેફામ'
('શબ્દસૃષ્ટિ' જાન્યુઆરી ૨૦૦૬માંથી સાભાર)

તબિબો પાસેથી હું નીકળ્યો દિલની દવા લઈને;
જગત સામે જ ઊભેલું હતું દર્દો નવાં લઈને.

ગમી પણ જાય છે ચહેરા કોઈ, તો લાગે છે-
પધાર્યા છો તમે ખુદ રૂપ જાણે જૂજવાં લઈને.

તરસને કારણે નહોતી રહી તાકાત ચરણોમાં,
નહીં તો હું તો નીકળી જાત રણથી ઝાંઝવા લઈને.

સફરના તાપમાં માથા ઉપર એનો જ છાંયો છે
હું નીકળ્યો છું નજરમાં મારાં ઘરના નેજવાં લઈને.

બધાંનાં બંધ ઘરનાં દ્વાર ખખડાવી ફર્યો પાછો,
અને એ પણ ટકોરાથી તૂટેલાં ટેરવાં લઈને.

કરું છું વ્યક્ત એ માટે જ એને ગાઈ ગાઈને,
ગળે આવી ગયો છું હું અનુભવ અવનવા લઈને.

હું રજકણથીય હલકો છું તો પર્વતથીયે ભારે છું,
મને ના તોળશો લોકો, તમારાં ત્રાજવાં લઈને.

સુખીજનની પડે દૃષ્ટિ તો એ ઈર્ષા કરે મારી,
હું આવ્યો છું ઘણાં એવાં દુઃખો પણ આગવાં લઈને.

ફક્ત એથી મેં મારા શ્વાસ અટકાવી દીધા, 'બેફામ'
નથી જન્નતમાં જાવું, મારે દુનિયાની હવા લઈને.

તૂટેલી ડાળખીનું ગીત
અનિલ જોશી

('ઓરાં આવો તો વાત કરીએ' કાવ્યસંગ્રહમાંથી સાભાર
પ્રાપ્તિસ્થાનઃ વિશાલ પબ્લિકેશન્સ
૧૪ 'સરિતા' ફ્રેન્ડ્ઝ કો.ઓપ. સોસાયટી
પમો રસ્તો
જે. વી. પી. ડી. સ્કીમ મૂલ્ય : રૂપિયા ૧૫૦)

થોરની લીલી વાડમાં સૂકી ડાળખી ઝરે ગીત
કોઈ તરુની ઓથ માણી'તી મેંય લીલેરી પ્રીત.

દૂર લીલાછમ વનની ફોરમ સંભળાતી ચકચૂર
એક ખેતરવા જેટલે છેટે ઘોરિયે ભીના સૂર
સાંભળું ને મારા તનમાં ફૂટે કૂંપળ જેમ અતીત!
થોરની લીલી વાડમાં સૂકી ડાળખી ઝરે ગીત.

ધૂળથી ઝાંખો ઘૂમતો પવન પડખે ઊભી વાડ
મન મનાવી લઉં દિલાસો વગડો લીલું ઝાડ
સાવ સૂકો તોય લાખનો મારે એકલવાયો મિત!
થોરની લીલી વાડમાં સૂકી ડાળખી ઝરે ગીત.
કોઈ તરુની ઓથ માણી'તી મેંય લીલેરી પ્રીત.

થાય છે
ગૌરાંગ ઠાકર
('શબ્દસૃષ્ટિ' જાન્યુઆરી ૨૦૦૬માંથી સાભાર)

ઝાડ પહેલાં મૂળથી છેદાય છે,
એ પછીથી બારણું થઈ જાય છે.

આ ગગનચુંબી ઘરો સરજાય છે,
આભ તો પંખીનું ઓછું થાય છે.

એમને તું કેમ છત્રી મોકલે?
જે અહીંયાં જાણીને ભીંજાય છે.

સ્વપ્ન જેવું હોય શું એ બાળ ને?
ડાળે જેનું ઘોડિયું બંધાય છે.

કોઈને પથ્થર હૃદય કહેશો નહીં,
આંસુ પથ્થરના ઝરણ કહેવાય છે.

એકલાં આવ્યાં, જવાનાં એકલાં,
પણ અહીં ક્યાં એકલાં જીવાય છે?

એક ચોમાસે

રાજેન્દ્ર શુક્લ

સામા ગામનું સાવ છેવાડું ખોરડું
એવું એક ચોમાસે આંખમાં આવ્યું,
ઊડતાં ઓલ્યાં પંખેરુંને જાણ થઈ
તે ગીત જોડ્યાં ને વન ગજાવ્યું.

વચમાં વ્હેતલ નદીનીરની નમણાઈમાં
નૈણ ઝબોળ્યાં,
હૈયે ઊઠ્યાં લ્હેરિયાં એને આભ હિલોવ્યાં,
દૂરને ઓલ્યે ડુંગર ડુંગર નીલમ કોળ્યાં
જેમ ધરાના સાત જનમનું
હોય કોળામણ સામટું આવ્યું.

કેટલી વેળા,
કેટલી વેળા આભને ભરી આભ ઘેરાયું
કેટલી વેળા ધોરિયે ધોરિયે ક્યારીએક્યારીએ
નીર રેલાયું.

કાળને કાંઠે ઈ જ આ ખેતર
કેટલું કેટલું વાવ્યું!
ઈ દ'નની ઘડી આજનો દાડો
કોઈ ચોમાસું આંખમાં ના'વ્યું.

જલકમલવત્

પ્રીતિ સેનગુપ્તા

કમળને પૂછી શકાય કે
છીછરા પાણીમાં
કઈ રીતે જીવી શકે છે?
એને નથી અડકતી લીલ,
નથી ખરડાતું એ કાદવથી.

મારાં તો રસનાં કૂંડામાં પણ
ઘણી વાર
રંગીન ફૂલ નથી ખીલતાં,
કંકુનાં થોડા જ છાંટણાંમાંથી
હોળીના ફાગ
રચાતા હોય તો!

ઝીણા ઝરમર વરસાદથી
હૃદય દુઃખવા આવે છે.
મન પર એનો સ્પર્શ થતો નથી.
કાદવ બનીને
પગ પર ચોંટેલો સાબિતીરૂપે.

ને ત્યારે, હસીને,
પગ લૂછીને, લૂછી લૂછીને,
બધે ઘાસ ઊગી જવાની આશામાં
ચાલ્યા જ કરીશ --
હું પણ.

ત્રણ લઘુ કાવ્યો

પન્ના નાયક

કોઈના
ટાઈમટેબલના ખાનામાં
ગોઠવાઈ જવાના
પ્રયત્નમાં જ
હું
ફેંકાઈ ગઈ છું
ટાઈમટેબલની બહાર

આંખમાં સંતાડેલાં વાદળ
આમ
છડેચોક
ખુલ્લા તડકામાં
વરસી પડશે
એની
મને પણ
ક્યાં ખબર હતી?

પહેલાંની જેમ
હવે
મને
કશું વાગતું નથી
ત્વચા ઉઝરડાતી નથી
લોહી ટપકતું નથી
કોરી ખાતી વેદનાની ચીસ પડતી નથી
ને
આંખમાં ઝળઝળિયાં આવતાં નથી.
જગત સાથે કરેલા
આ સમાધાનને પરિણામે
કૂખમાંથી નથી જન્મતાં
ચિત્કાર કરતાં કાવ્યો. . .!

રાત છો ને
શોભિત દેસાઈ

રાત છો ને પછાત ઊગી છે!
ચાંદ-ની સારી જાત ઊગી છે.

વાળમાં જઈ અને અડપલાં કરે,
વાયરાને વિસાત ઊગી છે.

આંગળીઓ શહીદ થઈ ગઈ હોય,
વસ્ત્ર પર એવી ભાત ઊગી છે.

સૂર્ય ઊગી ગયો છે પણ સાથે,
અસ્ત થાવાની ઘાત ઊગી છે.

કેટલી વારી'તી મેં ઈચ્છાને!
તોય પણ જો! કજાત! ઊગી છે!

ખાંપો
રસિલા કડિયા (અમદાવાદ)



ચ... ર... ર... ર...
બસ એમ જ.
ભ્રમ નથી એની ખાતરી કરી લીધી.
અજાણતામાં જ, એકાએક જ
સંબંધના પોતને ખાંપો ભરાઈ ગયો છે.
સુંદર મઝના, ખૂબ ગમતા પોતને
ખાંપો ભરાતા
બહુ લાગી આવે છે.
દિલ દુ:ખાઈ આંખો ભરાઈ જાય છે
નવું પોત લેવાની સલાહ અપાય છે.
આવે વખતે તત્કાળ તો -
એ જેટલું એકાએક બન્યું
એટલાંજ ફટાફટ
હાથવગો હતો તે સોયદોરો લેતાંકને
એને આડાતેડાં ટેભાં દઈ દેવાય છે.
અથવા તો --
જરાજ અમથું જ છે, ચાલ્યું જશે.
ખબર પડે તેવુ નથી, વાંધો નહીં આવે.
આવી આવી ધારણાઓ થકી
સુવ્યવ્સ્થિત સંધાય તેવો, રિપેરેબલ ખાંપો
રિપેર થવો નામુમકિન બની જાય;
તેવો અને તેટલો
વિસ્તરવા દેવાય છે, અને
જેમતેમ સાંધેલ ટેભાંના સાંધણ
અડતાં-ઘસાતાં ચચરાટ કરે.
એને જોઈ જોઈ, યાદ કરી કરી
જીવ બાળ્યા કરે,
બળ્યું ભાન કેમ ન રહ્યું!
પોત નવું લાવવાની સલાહ
ગળે ઊતરતી નથી
પ્રથમ નજરની એ મદહોશી,
મહેકતા ઉપવનના રંગોની બહાર,

મખમલી સ્પર્શની સુંવાળપ,
ઝાકળબિંદુ શી ભીનાશ ને નમણાશ
ક્યાંથી લાવવી નવા પોતમાં?
તો શું થાય?
થાય પણ શું હવે?

થાય છે
જખમ પર ઉતાવળે લેવાયેલાં
બચાવપ્રયુક્તિના અને કુતર્કભરપૂર બુદ્ધિના ચમકારાના,
વ્યક્તિતાના અને રીસના,
ઈર્ષાના અને અહમંના,
મોભાના અને માનહાનિના,
આડાતેડા ટેભાંને
જાળવી જાળવીને ઉકેલી નંખાય તો?
નિખાલસતા અને પારદર્શિતાની તીણી સોય લઈ,
હળવે હળવે નાની નાની ગૂંચોને
સિફતથી કઢાય
પછી ત્યાં
નવા તાણાવાણે - પ્રેમધાગે-
નવેસરથી વણી લેવાય.
તો શું ના બને અદલ અસ્સલ એવું જ પોત?

જો કે
કામ તો બારીકીનું છે.
થાકી જવાય તેવું ખરું જ.
માથાફોડ જેવું લાગે વળી.

આમ છતાં--
બેઉ પક્ષે સરખી છે પ્રતિબદ્ધતા
કમિટમેન્ટ અને કન્સર્ન
તો. . .

કાળ

નિખિલ ત્રિવેદી

જીવનની ભરતી વેળાએ
મધુરજની બનેલો જે
અચાનક ઓટ વેળાએ
બની યમદૂત ઉભો છે એ ...

પળે પળ સાથ રહેતો તું
કદિ ના દૂર થાતો તું
અમારી ખાનગી વાતો
સહી ને સ્તબ્ધ રહેતો તું ...

સૂકાવ્યા નીર નદીયોના
ડૂબાવ્યા ખ્હાડ સાગરમાં
ખીલેલા બાગ કરમાવી
દટાડ્ય । તપ્ત રેતીમાં તું ...

અરે ઓ કાળ નિર્દય તું
જરા જો આંખ ખોલીને
મરેલાને ફરી મારી
ફરીથી શિદ મારે છે? ...

પૂછું શું હાથમાં આવ્યું
બનાવી ઢેર અસ્થિના
મિટાવી રંગ ઉષાના
શમાવી શબ્દ મૂંગાના ...

હું

શારદા તરસારિયા

ફંગોળાતી સદીઓના કાળચક્રમાં,
બદલાતી'તી વિધવિધ સ્વરૂપોમાં
પાર્વતી, કુંતી, ગાંધારી,
દ્રૌપદી, સીતા, રાધા,
મેનકા કે મીરા ના -
આવી બહાર આજે હું
થઈ સભાન અસ્તિત્વ મુજના,
તોડી ઝાળાં ગૂંથાયેલાં સદીઓનાં
મળ્યો છે અવાજ મારો ફરી મને - બોલવાને,
મળ્યો છે શ્વાસ મારો ફરી મને - જીવવાને,
મળ્યું છે મન મારું ફરી મને - ઊડવાને,
આર્ખ્યા'તાં જે
પ્રભુએ મુજને
જીવનની ભેટરૂપે
સ્વતંત્ર ને અનોખા.
ભરી શ્વાસમાં ઊંડે ઊંડે,
સ્વમાન, ખુમારી ને અરમાન અનેક
બની છું આજે હું,
માત્ર 'હું' - સદીઓ પછી.
પરવા નથી આ દુનિયાની
જે બની છે પુરુષોના અહમ્ વડે
કરું પ્રાર્થના પ્રભુને માત્ર એક જ -
'સરજો દુનિયા એવી અનોખી,
સમાનતા, સંવાદિતા ને સંવેદનાથી
ભરી ભરી
સભર, સભર!

મારો મમરો

નરસીં મે'તાનો ચોરો

કિશોર રાવળ

જૂનાગઢના નરસિંહ મહેતા એ આપણી સ્મૃતિઓની સીમાના પહેલા કવિ, પંદરમી સદીમાં તેમણે લોકોને તેમના ઝૂલણા છંદમાં ગાતાં કરી મૂક્યાં. જયારે છાપવા-છપાવવાની કળા નહોતી ત્યારે કવિતાઓને યાદ રાખવા, પ્રસરાવવા ગેય તત્વ ખૂબ જ અગત્યનું બને. ભક્તિ, શૃંગાર, વહેલી પરોઢના આગમનનો આનંદ વ્યક્ત કરતાં પરભાતિયાં લોકોની જીભે ચડી ગયાં. ગાંધીજી એ જેમને 'હરિજનો' કહી બિરદાવ્યાં તેની પ્રેરણા તેમને નરસિંહ મહેતા પાસેથી મળી. સૌથી ઉચ્ચ ગણાતી જ્ઞાતિ નાગરમાં નરસિંહ મહેતાનો જન્મ અને સૌથી નીચી ગણાતી 'હરિજનો'ની કોમ સાથે એકાત્મિયતા જમાવનાર એ પહેલા પુરુષ એકવચન હતા!

હું કદી જૂનાગઢ ગયો નહોતો. ૨૦૦૩ના ડિસેમ્બરમાં ભારત ગયો ત્યારે એક વખત જૂનાગઢ તો જોવું જ એવી ભાવના હતી. ગિરનારનું આકર્ષણ પણ હતું જ. ત્યાં જઈ નરસિંહ મહેતાનો ચોરો કે એમનું ઘર જોવા ઉત્કંઠા હતી એટલે ત્યાં જઈ ચડ્યાં.

અને એ ચોરે જઈ, અંદર પ્રવેશી નજર નાખી તો વીસમી સદી પહેલાંનું કશું જ દેખાણું નહીં. છાપરે વિલાયતી નળિયાં, દીવાલ પર લેટેક્સ અને બારી બારણે ઇનામલ પેઈન્ટ, આંગણામાં કૂવો પણ તેની આજુબાજુ આંગણામાં પાલીસ કરેલી લાદીઓ, ઇલેક્ટ્રિક દીવા બત્તીઓ, કૂંડી પર પિત્તળના નળો. . .

કલ્પી હતી તેવી લીલીછમ વાડ કે વૃક્ષો નહીં,નહીં એક તુલસીક્યારો!કલ્પ્યા હતા કે પૂર્વ તરફ મોં રાખી હાથમાં કરતાલ લઈ ગામના લોકોને જગાડતા નરસિંહ મહેતા અહીં એક વાર આવી જગાએ ઊભા હશે અને ગાતા હશે

દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ ભાસે,
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા!
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે

એ મનમાં કેમે કર્યું બેસે નહીં.

વર્ષો પહેલાં ૧૯૬૦ના દાયકામાં અમે એક વાર નાસિક ગયાં હતાં. અને જોવા જેવી જગ્યાઓમાં પેલા ગંદા, પાણીના કૂંડો જોયા અને કોઈએ કહ્યું એટલે રામ-સીતાની 'પંચવટી' જોવાં ગયાં. પર્ણકુટીરમાં રામ અને સીતા રહેતાં હતાં એ જગા જોવાની લાંબી કતાર હતી. ધીમે ધીમે આગળ વધતાં ગયાં અને છેલ્લે અમને કહેવામાં આવ્યું કે હવે વાંકા વળવું પડશે. એક બોગદામાં ઊતર્યા, લગભગ બેવડ વળી જઈ એવી રીતે. બોગદું નીચે ઊતરતું હતું. એક જગાએ નીચે ફરસ પર અને ભીંત પર કંકુના ધાબાંઓ હતાં. અને ત્યાં લોકો એની રજ આંગળેથી માથે ચડાવતાં. આગળ વધતાં એ બોગદું ડાબી બાજુ વળી બહાર નીકળતું હતું. અને ચઢાણ શરૂ થયું, બોગદાનું મોં પહોળું થતાં બહાર નીકળી અમે ખુલ્લી હવાના ઘૂંટડા પીધાં.

ત્યારે એક અરેરાટી થઈ ગઈ હતી. મન કોઈ રીતે માનવા ન માગે કે બહારની ખુલ્લી હવા મૂકી બાવાની બખોલ જેવી જગામાં રામ સીતા રહેતાં હોય કે રહી શકતાં હોય! સમજાય છે કે આજે ભલભલી મહોલાતો પણ સમય સામે ટકી નથી રહી ત્યારે રામ સીતાની પર્ણકુટીર ક્યાંથી ટકે! પણ જયારે આવી જગાના નામોનિશાન ન રહ્યા હોય ત્યારે આપણી તર્કબુદ્ધિ વાપરી, કલ્પના શક્તિ વાપરી મનમાં અહોભાવ જન્માવે તેવી, રંગભૂમિ જેવી કહો તો તેવી, એક મન ધન્ય ધન્ય પુકારી ઉઠે એવી રચના કેમ કરી ન શકીએ?

પબ્લિક વર્ક્સ ડિપાર્ટ્મેન્ટ તો તેમના ધોરણ પ્રમાણે, તેમના એન્જિનિયરોએ નક્કી કરેલા, સરકારે માન્ય રાખેલાં સાધનો, સામગ્રી વાપરી નરસિંહ મહેતાનો ચોરો કે પર્ણકુટીર ઘડી કાઢ્યાં પણ આવડા મોટા દેશમાં કોઈને ય સૂઝે નહીં કે કોઈ જાણકારને, કલાકારને, સ્થપતિને ભેગાં કરી, શોધી મન પ્રસન્ન થવાય તેવાં રૂપો આપણાં આવા ઐતિહાસિક સ્થાનોને આપીએ?

પરણ્યાની પહેલી રાત

કિશોર રાવળ



નીલમના લગનનો દિવસ હતો. ચારે બાજુ ધમાલ ધમાલ હતી. કુટુંબના માણસોમાં અનેરો ઉમંગ અને ઉત્સાહ હતા. નીલમની માનું મોં તો મરક મરક થતું હતું. દીકરી ઘર છોડી જશે તેનો ઉદ્વેગ તો હતો પણ સાથોસાથ આવું સરસ પાત્ર સમયસર મળી ગયું એની ખુશાલી તળે ઘરમાં એક જગા ખાલી થશે તેનો રંજ દબાઈ જતો હતો.

એક નીલમનાં મનમાં લગ્નની સમશ્યા પેલી તુવેરાની વેલ પરની ઈયળ જેમ પાંદડાં કોતરતી હોય તેમ કાળજું કોતરી રહી હતી. આપણે પણ કેવાં માણસો છીએ કે શરૂઆતમાં નરમાદા સબંધ ભયજનક અને ભડકામણાં ચીતરીએ, પણ કોઈને પરણાવવાની વાત હોય તો રાજીના રેડ થઈ મરક મરક હસીએ અને ખુશાલી વ્યક્ત કરીએ. ઘરની બહાર રાસ રમન્તાં નરનારીઓ ઘરની દીવાલો વચ્ચે ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે યુયુત્સવા! બિચારા જુવાનિયાં માટે લગ્નનો અર્થ ઘટાવવો અઘરો કરી મૂકીએ.

નીલમના મનમાં પેલા કૃષ્ણાકાકા અને ચંદુભાઈ નજર સામે આવ્યા. નીલમના ફળિયામાં બીજા ત્રણ ઘરો. એમાં એકમાં રહે કૃષ્ણાકાકા. પચાસ પંચાવનની તેમની ઉમ્મર. નીલમ નાની હતી ત્યારે તેમના વહુને જોયાનું ઝાંખું ઝાંખું યાદ હતું. પણ પછી કંઈ ધમાલ થઈ હતી અને કાકી ફરી ક્યારે ય દેખાણા નહીં. નીલમ આઠ દસ વર્ષની થઈ ત્યારે વાત નીકળતા નીલમના બાએ કહ્યું કે "કૃષ્ણો હવે પસ્તાય છે. લખમી જેવી વહુ મળી અને સાચવી નો શક્યો."

નીલમે પૂછ્યું કે "શું કર્યું કાકાએ? મને વાત તો કર!"

"શું થયું શું?" બા જરા અચકાણાં, પણ દીકરી મોટી થઈ છે, કુતૂહલ હોય. સંસારની વાતો સમજાય માટે આગળ વિગતમાં વાત કરી.

કાકા નસીબદાર અને એને નરબદાકાકી જેવી વહુ મળી ગઈ. દેખાવડી, ઘરરખુ, બોલવે મીઠી અને કામકાજમાં પાકી અને વહેવારમાં ઘણી સૂઝ. ચપટીમાં કાકાના ઘરમાં રોનક થઈ ગઈ. પણ ઓછી અક્કલના કાકાની મતિ તેના અલ્લડ મિત્રોએ ફેરવી. કાકાને કહે 'કૃષ્ણા, જો તને આ બૈરું જોરદાર મળ્યું છે ઈ વાત તો પાકી. પણ એમાં ય ચિંતાની વાત. બીજાને વ્હાલી લાગે એવી મીઠડી છે અને એનો લાભ લેવા જગતમાં પુરુષોનો ત ોટો નથી. તક જ મળવી જોઈએ. અસ્ત્રીની જાત સરી પડતાં વાર નો લાગે. એટલે એને આમતેમ ચસકવાની જરા ય કલ્પના જ ન આવે એની જબાબદારી એના ધણી તરીકે તારી. જરા જાપતો રાખજે...'

કૃષ્ણાકાકા કહે કે ઈ કેમ કરવું. તો કે 'જો, વારે તહેવારે થોડી ઝાપટતાં રહેવી. ઓલ્યા તુલ્સીદાસજી પણ કહી ગયા છે કે 'શ્વાન, ઢોર, અસતરી ત ાડનકે અધિકારી' એટલે જરાં ઠંઠોરતાં રે'વું. થોડી ધબેડાય તો કૂણી રહેશે." કૃષ્ણાકાકાએ માન્યું કે એક નહીં, બે નહીં પણ ત્રણ ચાર જણા કહે તો વાતમાં તથ્ય હશે જ ને. એટલે માંડ્યા મારવા. ખ્યાલામાંથી રકેબીમાં ચાનું ટીપું પડી જાય તો 'કોઈ વેતો નથી' કહીને ઠમઠોરે. દાળમાં વઘાર મોળો થાય તો વઘારમાં ધમધમાટ કેવો જોઈએ તે પ્રત્યક્ષ કરી દેખાડવા પંજરીપાક આપે. વઘાર જોરદાર થાય તો કહે 'આજે કેમ રાણી-પાઠમાં છો? હજુ રાજાનું રાજ ચાલે છે તે પુરવાર કરવું પડશે.' પેલી બાપડી રડતી જાય અને પગે પડી કે 'તમે આમ ગામમાં ભવાડો નો કરો.' છ

મહિને થાકી અને માબાપને કહેવડાવ્યું કે મને લઈ જાઓ. તો માબાપ કહે કે 'અમે તો દીકરી આપી દીધી એટલે ઈ તો સાસરે જ શોભે. ધણીધણિયાણીની વાતમાં અમે નો પડીએ.' એટલે કાકીને ક્યાંય જવા જેવું નો રહ્યું.

એમાં ભાવનગર ગામમાં ઓલું 'ધ ગ્રેઇટ બંગાળ સરકસ' આવ્યું. અરબી ઘોડા, બંગાળના વાઘ, બર્માના હાથી, દીપડા, ગિરના સિંહ અને એ બધા સાથે કામ લેતો તેનો માલિક પ્રૉફેસર 'શોરકાર'. તેની સાથે આખો પાડો ખાઈ જાય તેવા મલ્લો, ફુગાનાકવાળા જોકરો અને ડાગળાઓ અને વારંવાર ઊતરી જતાં એમનાં પાટલૂનો, પરીઓ જેવા કપડાં પહેરેલી અપસરા જેવી છોડિયું ઝૂલા ખાય, છલ્લાંગો મારે અને જાતજાતના ખેલ કરે. ટોળાંઓ ઊમટ્યાં જોવાં, સરકસના માલિક પ્રૉફેસર શોરકારે ધૂમ કમાણી કરી. એમાં કૃષ્ણાકાકાનો એક દોસ્ત કૃષ્ણાકાકા પાસે વાત લાવ્યો અને નરબ્દાકાકી સાંભળી ગયા. 'જૂઓ, આ પ્રૉફેસર સરકાર સાલો એક લંબરનો ગઠિયો માણસ છે. જે ગામમાં જાય ત્યાંથી રૂપાળા બૈરાંઓ, નાનાં છોકરાંઓ ચોરી જાય અને અંગકસરતની ખૂબીઓમાં પારંગત કરે. એટલે નાના છોકરાં રેઢા મૂકવાં નહીં.'

આપઘાત કરવાના વિચારમાં પડેલાં નરબદાકાકીને આમાં આશાનું કિરણ દેખાયું હશે. પણ સરકસે ભાવનગરમાંથી ડેરા તંબૂ ઊંચક્યાં એને બીજા દિવસથી નરબ્દાનો પત્તો જ નહિ.પણ વા'માં વાત ઊપડી કે નરબદી ભાગી ગઈ. ક્યારે જઈને પ્રૉફેસરને મળી આવી અને કેવી રીતે ઈ કોઈને ખબર નથી.

કૃષ્ણાકાકાએ બહુ દોડાદોડી કરી. આમ તો સાચી વાતની ખબર નો પડત પણ કૃષ્ણાકાકાએ પેલા પ્રૉફેસર સરકારનો પત્તો મેળવ્યો અને એનું સરકસ ઠેઠ દક્ષિણમાં મધરાસ જઈ 'પમ પમ પમ, પમ પમ પમ' વાજાંઓ વગાડતું બેઠું હતું ત્યાં જઈને એને જાતે મળ્યા. કૃષ્ણાને જોઈ, તેની વાત સાંભળી પેલો પ્રૉફેસર ગળે ગડફો ઊતારી કહે કે 'ભાબનૉગોર કી કોઈ લૉરકી ઇસ મેં હૈ નોઇ. નૉરોબ્દા? ઇધૉર કોઈ નૉરોબ્દા નોથી છે. શૉરકોશમેં કામ કોરના ગુજરાટી લૉરકી કા કામ નોઈ. મેરી શાથ ચૉલ, ઑર શૉબ લૉરકી દેખ લે. પિછુ દિખાના કિ ઇશ મેં તેરે બાલી હૈ કોઈ! આમિ બૉદમાશ માનુષ નાઈ, શોક્કોન આછિ.'

એક પછી એક સરકસની છોકરીઓ દેખાડી. કૃષ્ણાકાકાથી આંખો ઊંચી કરી સક્કનતાથી નિરખી શકાય એવી કોઈ ન દેખાણી. બધી ચડિયું અને નાનાં પોલકા પહેરેલી આંટા મારે અને બાકી સાવ ખુલ્લા થાંભલા જેવા સાથળો, ખુલ્લા બરડા -અરે કહોને લગભગ નાગિયું કહેવાય એવી છોડીયું સામે કૃષ્ણાકાકાથી ઊભા નો રેવાણું. એકાદ બાયડીમાં નરબદાનો અણસાર લાગ્યો. પેલી તો આંખોમાં આંખો મેળવી ઊભી મરકતી મરકતી જાણે કહેતી ન હોય કે છે હિમ્મત મને ઓળખવાની! એની આંખ્યોમાં તલભાર કંઈ ઓળખ જોવા નો મળી. આટલી ઉઘાડી અને નિર્લક્ક મારી નરબ્દા ન હોય અને હોય તો હવે ભાવનગર લઈ જઈને ભવાડો કરું? અને હું તો લઈ જઉં અને જો ઈ હારે આવે તોય હાથમાં રે' ખરી? આ બધા પ્રશ્નોથી કાકા મૂંઝાઈ ગયા. પ્રૉફેસરની બાજુમાં પેલો પાડાખાઉ ઊભો હતો એની પણ થોડી બીક લાગી હશે.

પ્રૉફેસર સરકાર પાસે જઈને કાકા નીચી મૂંડીએ ઊભા. પ્રૉફેસર કહે, "લૉગ શોમજતે હૈ ઇતના બૂરા આદમી હમ નહિ હૈ. ભાબનોગોરમેં બાતે તો ખૂબ બેશી ચોલતી થી, મૈંને ભી શોના ગેછિલો. હમ બૅરી બૅરી ઑપ્શેટ હુઆ થા. મુજે શોબ માલમ હૈ. હમારા શૉરકોશ કા કામ દેખકે કિતને લોગકે દિલમેં શૉરકોશમેં આકે કામ કોરને કી તોમોન્ના હોતી હૈ. લેકિન યે કામ આશાન નોઇ. બૉડીમે તાકોત ઔર કૌબત હોના ચાહિયે ઔર બૉડી ક્યા ચીઝ હૈ બો દૂસરેકો દિખાનેમેં શોરમ નોઈ હોની ચાહિએ બોલ્કિ એક ગુમાન હોના ચાહિયે. કોઈ ઐસા મિલભી જાય તો હમ ઉનકી પૂરી ખુશી હો તો હી શૉરકોશમેં લેતે હૈ. કિશી કો ઇધર ફશા દેના હમેં પૉશોંદ નોઈ." પછી છેલ્લે શંકાને કોઈ ઘડમાથું ન રહે એવી સચોટ દલીલ રજૂ કરી. "ઔર જેલકા દરબાજાકી અંદર જાને કા ભી મુજે પૉશોંદ નોઈ."

બાએ વાતની સમાપ્તિ આણી. "એટલે કાકા ધોયેલ મૂળા જેવા પાછા આવી ગયા. ગામનાં છોકરાંઓએ ગીત બનાવ્યું.અને થોડો વખત પજવણી ચાલી.

કૃષ્ણાકાકાની ઓલી ફુલવન્તી
મધરાસમાં બે ઘોડે છલંગતી

"કાકા હજુ પણ હાથ ઘસતા બેઠા છે. પેલા જ મિત્રોએ આવી જરા ભઠ આપી. 'સાળા, એમ સાવ અજડની જેમ મંડી પડાય. બૈરું હોય તો ક્યારેક ગુસ્સો તો આવે પણ થોડો કાબૂ રાખવો જોઈએ."

પછી યાદ આવી ઘરની ડાબી બાજુએ ઊંચે દાદરે મેડીએ રહેતા ચંદુભાઈની અને દયાભાભીની. નીલમ બાર તેર વર્ષની હતી ત્યારે દયાભાભી માંદા પડ્યા. જીવલેણ ટીબી નીકળ્યો. સોનગઢ સેનેટોરિઅમમાં લઈ ગયા પણ કંઈ કારી ન ફાવી. દયાભાભીને કાઢી ગયા એ તો આજે પણ નજર સમક્ષ હતું. તેના વર ચંદુભાઈ બચારા રાતે પાણીએ રડ્યા. સાંજ પડ્યે ઘરે આવે અને ખાલી ઘર ખાવા ધાય. ઘરમાં આવી ઠૂઠવો મૂકે. આજુબાજુવાળા જઈને શાંત પાડે કે જમવા પોતાને ઘરે લઈ આવે. કેમ બાકીનું આયખું જશે તેની સૌને ચિંતા. પણ ચિંતા અસ્થાને હતી. તેમને ચાલીસ વર્ષે એક સરસ ષોડશી મળી ગઈ અને બે મહિને દયાભાભીની વરસી વાળી લીધી અને ત્રીજે મહિને લગન થયાં અને નવા કુસુમભાભી પાડોશમાં આવી વસ્યા.

નીલમથી ત્રણ ચાર વર્ષે જ મોટી કુસુમ એટલે તરત જ બન્નેના બેહેનપણા થઈ ગયા. નવરા બેઠાં સાથે વાતો કરે, નીલમ જઈને રસોઈમાં, ઘરકામમાં મદદ કરે અને બન્ને સાહેલીઓ ખીખી ખીખી હસતી જાય. ચંદુભાઈને પણ કૃષ્ણાકાકાના મિત્રોની વિચારસરણીવાળા બે એક મિત્રો મળી ગયા હતા. એમનું મંતવ્ય એવું હતું કે 'ચંદુ, તારી ઉમ્મર થઈ. હવે જુવાનીનું જોસ ચહેરા પરથી ઓસરવા લાગ્યું છે અને કુસુમ તો કુસુમ કળી, કેવી નમણી નાજુક છે! બગીચો હોય, ફૂલો હોય ત્યાં ભમરા આવે, એમનો નિયમ છે! એટલે તેના હૈયામાં તારો થોડો ભય સ્થાપવો." એમણે તુલસીદાસના ગુરુ જેવા મનુ ભગવાનના વચનો સંસ્કૃતમાં કહ્યાં અને તેથી ચંદુભાઈ ઉપર જરા ઊંડી અસર થઈ. પણ કહે છેને પૂતળાં અલગ પણ મહીં ભગવાન એક જ એમ પંડિતો, શાસ્ત્રો જૂદા પણ બોધપાઠો સરખાં!

ચંદુભાઈએ પણ જરા હાથ ઉપાડવા માંડ્યો પણ ઘણા સંયમથી. રડતી કુસુમ નીલમ પાસે હૈયું ખાલી કરે. શું કરવું તેનો રસ્તો ન સૂઝતા નીલમે પોતાના કોલેજ જતા ભાઈ નવીનની સલાહ માગી. નવીનના વિચારો આ બાબતમાં બહુ જ સ્પષ્ટ હતા. માણસ માણસ વચ્ચે મતભેદ થાય એટલે શિષ્ટ રસ્તો તો એ કે સભ્યતાથી એક બીજા સાથે વાત કરીને ઉકેલ કાઢે. હાથ ઉપાડવો એ સારાં લક્ષણ નહીં. નીલમે એ મંત્ર કુસુમને પહોંચાડ્યો.

ઉનાળાનું વેકેશન પડતા નીલમ તેના કાકાને ઘરે મહુવા મહિના માટે ઉપડી ગઈ. પાછા આવી નીલમ દોડીને કુસુમને મળવા દાદરો ચડી. કુસુમે બહુ જ ઉમળકાથી આવકાર આપ્યો. મરક મરક થતાં ઘરમાં લઈ કર્યાં બારણાં બંધ અને પહેલાં જ સમાચાર આપ્યાં કે 'તમારા ભાઈને સીધા કરી દીધા છે. હવે જિંદગી સુધરી ગઈ. રંગ રંગ વાદળિયા!" નીલમે પૂછ્યું કે "શું તરકીબ કરી?" તો કુસુમ કહે કે "તું મહુવે ગઈ એને બીજે જ દિવસે બહારથી ઘરમાં આવી જેવી ખબર પડી કે ખીચડી બનાવી છે તો 'ખીચડા વન્યા કાંઈ સૂઝ્યું નહીં' કહી હાથ ઊંચો કર્યો. આમ તો ખીચડી ફીણી ફીણીને અંગૂઠેથી ચાટીને ખાય!

"મને નવીનભાઈની વાત મગજમાં પૂરી ઘૂસી ગયેલી કે આમ કોઈને પશુબળ વાપરવા ન દેવાય. સભ્યતાથી જ ઉકેલ લાવવો. મેં જોરથી તેમને દીવાલ સાથે ભીંસી દીધા. 'મને વિધવા કરવી હોય તો હાથ ઉપાડજો! જે વાંધો હોય તે સભ્યતાથી વાત માંડો. મારામારી કરશો તો દાદરેથી તમને ફેંકીશ!' એ તો એવા હેબતાઈ ગયા.

"બસ, પછી આજની ઘડી ને કાલનો દિ'! નથી કંઈ રંજાડ, કોઈ તોફાન. અમારી જીવન નૈયા સરસરાટ ચાલે છે. હું ખૂબ જ ખુશ છું. અને ઈયે ખુશ છે. મને કહે કે, 'તેં મને સુબુદ્ધિ આપી'"

આજે લગન ટાણે નીલમને પેલી ઈયળની જેમ કાળજું કોતરતી હતી તેની બીક હવે તમને સમજાશે. વારંવાર પ્રશ્ન ઊઠતો કે હું સુખી થઈશ કે દુઃખી. સાંભળ્યું હતું કે વર રસિક માણસ છે, કવિતાઓનો પ્રેમી છે,શોખીન છે, તો પણ...

લગ્નની વિધીઓ પત્યે બાર વાગે વરઘોડિયા તેમના સજ્જ કરેલા શયનખંડના એકાંતમાં માંડ ભેગાં થયાં. વેવિશાળ વખતે જરાક મળેલાં પણ એતો અઢળક વડીલોની હાજરીમાં અને એમની ચાંપતી નજર તળે. મનમાં ઘોળાતી વાતો મોં પર ઓળા પાડે જ. વરે નીલમને સાથે પથારીમાં બેસાડી ત નું પડી ગયેલું મોં જોયું. દિવસ આખાનો થાક તો પોતાને પણ લાગ્યો હતો એટલે નીલમની પરિસ્થિતિનો ખ્યાલ તો આવી ગયો. પણ મનમાં તેને એક ખ્વાહીશ હતી કે લગનની પહેલી રાતે નીલમને ગમતી કોઈ ભેટનું વચન આપવું. તેણે પૂછ્યું, " નીલમ, આપણે બે એક થયા અને મને હતું કે તને હું સરસ ભેટ આપું, પણ તને ગમતી ભેટ આપવી હતી એટલે પૂછવાનું બાકી હતું. તો બોલ તારે શું જોઈએ?'

નીલમે તક ઝડપી લીધી.

"મારે જોઈએ એક પ્રશ્નનો જવાબ-બીજું કશું નહીં" મોં ઊંચું કરી આંખોમાં આંખ મેળવી.
વરરાજાને બહુ નવાઈ લાગી. "બોલ, જે પૂછવું હોય તે" અને આતુરતાથી ટીકી ટીકીને જોઈ રહ્યો.
"મને કોઈ દિ' મારશો નહીંને?"

કવિ હૃદયનો માણસ તરત જ ઉત્સાહમાં આવી ગયોઃ
"જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો નહીં જ.
"જ્યાં સુધી ગગનમાં ચાંદ અને સૂરજ ઘૂમતાં હોય ત્યાં સુધી તો નહીં જ.
"જ્યાં સુધી રત્નાકર ધરતી માટે માથાં પછાડતો હોય ત્યાં સુધી તો નહીં જ.
"જ્યાં સુધી કવિઓના દિલમાં બુલબુલો ગાતાં હોય ત્યાં સુધી તો કદાપિ નહીં જ.
"જ્યાં સુધી સાજન સજનીઓ સાથમાં રસના ઘૂંટડા પીતા હોય ત્યાં સુધી તો નહીં જ.
"જ્યાં સુધી....."

કવિતાના તાનમાં ખોવાયેલા વરરાજાની નજર અચાનક નીલમ પર પડી. નીલમના મોં પર સરસ સ્મિત હતું અને એ નિરાંતવા જીવે ઊંઘતી હતી. કેવું સુંદર દૃષ્ય!
મનમાં થનગનતાં અનેક અરમાનો છતાં એક સજ્જન, શિક્ષિત અને સાહિત્યના માણસને શોભે એવો એક જ પર્યાય વરરાજા સામે રહ્યો-અને તેણે અપનાવ્યો. નીલમની કમર પર હાથ રાખી બાજુમાં એ પણ ઘસઘસાટ સૂઈ ગયો.

જમણા હાથનો ખેલ

હરનિશ જાની

રવિવારની એક બપોરે એક આધેડ વયનો પુરુષ દેવદત જોષીનું ઘર પૂછતો પૂછતો આવ્યો. બારણે ઊભેલી સ્ત્રીને તેણે પૂછ્યું, "જોષી સાહેબ ઘરમાં છે?"

સ્ત્રી બોલી,"જોષી છે. સાહેબ નથી."

પેલાને લાગ્યું કે આ સ્ત્રી એની પત્ની હસે. દેવદત્ત જોષી બહાર આવ્યા. પેલાને આગલા રૂમમાં બેસાડ્યો.

દેવ જોષી ગામના પ્રખ્યાત જોષી હતા. જાતે કર્મકાંડી બ્રાહ્મણ હતા. કથા-પૂજન ઉપરાંત જયોતિષવિદ્યામાં પ્રવીણ હતા. તમે જે પ્રસંગ કહો તે પ્રસંગનું મૂરત એવું તો કાઢી આપે કે બેડો પાર! પોતાના ગામમાંથી જ નહીં આજુબાજુનાં ગામોમાંથી અને નજીકનાં શહેરમાંથી પણ લોકો જયોતિષ માટે એમની પાસે આવતા. જે કોઈ એમના સંપર્કમાં આવતાં તે સૌ એમની વિદ્યાથી પ્રભાવિત થતાં. ફક્ત નહોતી પ્રભાવિત થઈ એમની પત્ની કલ્યાણી.

દેવદત્ત જોષીએ આવનારને બેસવાનું કહ્યું અને કલ્યાણીને ચા બનાવવા કહ્યું. કલ્યાણી બોલી, "એ શા માટે આવ્યા છે તે તો પૂછી જુઓ!" પેલી વ્યક્તિએ કહ્યું કે, "હું એક ખાસ વસ્તુ જાણવા આવ્યો છું."

દેવ બોલ્યા, "પહેલાં ચા પીઓ, પછી તમારા સવાલોના જવાબ હું આપીશ." દેવ જોષી કહેતાં કે જયાં સુધી માનવમાં જિજ્ઞાસાવૃત્તિ રહેશે ત્યાં સુધી જયોતિષનો ધંધો ચાલશે.

ચા પીતાં દેવ બોલ્યા, "તમારે શું જાણવું છે?"

પેલાએ જવાબ આપ્યો, "મને નાનાં મોટાં સાહસ કરવાની ટેવ છે. હમણાં છેલ્લે છેલ્લે બેત્રણમાં અડચણ આવી છે. તો હવે મારે શું કરવું? કોની બાધા રાખવી?"

દેવ બોલ્યા, "તમારું નામ શું?"

"લાલુસિંગ. જાતના રાજપૂત છીએ. અહીંથી પચાસ કિલોમીટર પરના રાજપરા તરફના છીએ."

"તમારી જન્મતારીખ કહો."

"છવ્વીસમી જાન્યુઆરી, ૧૯૫૦. સવારના દસ," લાલુસિંગે કહ્યું.

દેવે એક કાગળ લીધો. તેના પર ચોકડી કરી, કૂંડાળાં કર્યાં. 'હં, હં...ના'ના ઊંહકારા કર્યા.
લાલુસિંગ બોલ્યો, "શું લાગે છે?"

"તમારી જન્મરાશિ મેષ છે. તેથી તમે સાહસી છો એ વાત ચોક્કસ."

"જે છે તે છે. એના કરતાં કાંઈ નવું કહોને!"

"તમારો જમણો હાથ જોવા દો!" લાલુસિંગે દેવના હાથમાં પોતાનો હાથ મૂક્યો. દેવે ધ્યાનથી રેખાઓ જોવા માંડી. આંગળીનાં ટેરવાં, નખના રંગ અને આકાર, જાડો, ટૂંકો અંગૂઠો. હાથની ચામડી બરછટ હતી. દેવે ફરી આંગળીઓ તપાસી, અને કુંડળી પર નજર નાંખી. પછી ગંભીર થઈ ગયા. "લાલુસિંગ, તમારા હાથની રેખાઓ સૂચવે છે કે તમારા જીવનમાં સ્ત્રીઓએ અગત્યનો ભાગ ભજવ્યો છે."

"તે તો સમજયા, પણ તમે ગંભીર કેમ થઈ ગયા?"

"તમારા મંગળ અને શુક્ર વિકસેલા છે અને જોડાયેલા છે."

"કાંઈ સમજાય એવું બોલો!"

"મંગળ ક્રોધનો સ્વામી છે, જયારે શુક્ર પ્રેમનો દેવતા છે. એ એમ સૂચવે છે કે સ્ત્રી અને ગુસ્સાએ તમારા જીવનમાં ખૂબ ભાગ ભજવ્યો છે."

"આગળ બોલો. આગળ બોલો!"

"મને લાગે છે કે વાત અહીંથી અટકાવીએ તો સારું, " દેવ જોષી બોલ્યા.

"એટલે તમે મને જવાનું કહો છ? પૈસા જેટલા જોઈએ એટલા લેજો. પણ ભવિષ્ય કહો!"

"પૈસાનો સવાલ નથી. હાથ એટલો સરસ છે કે . . . જુઓ, આજે રાત્રે હું તમારી કુંડળી બનાવીશ. એનાથી મને તમારું ભવિષ્ય સચોટ દેખાશે. ત મે કાલે આ સમયે આવો."

"પણ તમને બીજું શું દેખાય છે?"

લાલુસિંગના નખ તપાસી દેવ જોષી બોલ્યા, "જેના નખ શંકુ આકારના હોય તે વ્યક્તિ કલાકાર હોય; સંગીત, ચિત્રકલામાં નામ કાઢે. જેના નખ પાવડાના આકારના હોય તે પોલિટિશિયન બને કે લૂંટારા બને."

"પછી?"

"એવું કરો. તમે કાલે જ આવો!"

લાલુસિંગ થોડી વારમાં "ભલે" કહી પાછો ચાલ્યો ગયો.

કલ્યાણી આગલા રૂમમાં આવી. પતિના મોં પર ગંભીર છાયા જોઈને બોલી,"તમને કેટલી વાર કહું છું કે લોકોના ભવિષ્ય જોડે તમારી લાગણી ન જોડો!" પત્ની હંમેશ મુજબ પેલી ગીતાબહેનના વર મુકુંદરાયની વાત કરતી હતી જે છાપામાં અઠવાડિક ભવિષ્ય લખતા હતા. પણ દેવ જોષી પોતાના વિચારોમાં હતા.

૨

બીજે દિવસે લાલુસિંગ આવ્યો ત્યારે દેવ જોષી તેની રાહ જોતા હતા. તેમની પત્ની બહારના રૂમમાં નહોતી પણ એક ઊંચા સરખા કોઈ સદ્‌ગૃહસ્થ દેવ જોષી સાથે બેઠા હતા. દેવ જોષીએ કહ્યું, "આવો! કાલે મેં તમારી કુંડળી તૈયાર કરી દીધી છે. હવે હું તમારા બધા સવાલોના જવાબ આપી શકીશ."

ત્રીજા માણસને જોઈ લાલુસિંગ સંકોચાયો. દેવ બોલ્યા, "આ મારા પરમ મિત્ર છે. એમની હાજરીમાં મારા જ્યોતિષમાં કાંઈ ફેર નહીં પડે." પેલા સદ્‌ગૃહસ્થ કશું બોલ્યા વિના ખુરશી પર બેઠાં બેઠાં મંદ મંદ હસતા રહ્યા.

"તમારી કુંડળી બહુ સુંદર છે! બધા ગ્રહો મજબૂત છે." દેવ જોષીએ શરૂઆત કરી.

"પણ મેં મારા સાહસ વિશે સવાલ પૂછેલો, એનું કેવુંક લાગે છે?" લાલુસિંગે પૂછ્યું.

આ તો સાહસ ઉપર આધાર! પરણવું છે? ધંધો કરવો છે? એ બે માટે ગ્રહો સારા નથી."

"હમ્ણાં તો કહ્યું કે ગ્રહો મજબૂત છે!" લાલુસિંગે ખિજવાઈને પૂછ્યું.

"હા, પણ તમે જે સાહસ કરવા માગો છો તે દુ:સાહસ છે."

"એટલે?"

"તમારા ભૂતકાળના સાહસમાં મને એક મૃત્યુ દેખાય છે."

લાલુસિંગને આંચકો લાગ્યો. લાલુસિંગે ખિસ્સામાંથી બીડી કાઢી સળગાવી, સામે બેઠેલા સદ્‌ગૃહસ્થે જોયું તો લાલુસિંગની આંગળીઓ ધ્રૂજતી હતી.

લાલુસિંગ બોલ્યો, "કેવું મૃત્યુ?"

દેવ જોષીએ કુંડળીના કાગળ પર કાંઈક નોંધણી કરી, બેચાર લીંટીઓ દોરી, આંગળીના વેઢે કાંઈ ગણતરી કરી. પછી બોલ્યા, "જમણો હાથ ધરો!" લાલુસિંગે હાથ ધર્યો. દેવ જોષીએ હાથ તપાસીને કહ્યું, "આ હાથમાં મને ખૂનની રેખા દેખાય છે."

લાલુસિંગે ઝટકા સાથે હાથ ખેંચી લીધો. અને તે એકીસપાટે ઊભો થઈ ગયો. દેવ જોષી બોલ્યા-- "દેવદત્ત જોષીની નજરમાંથી કશું છૂપું ન રહે. ત મે નીચે બેસી જાઓ! તમારા હાથે એક નિર્દોષ સ્ત્રીનું ખૂન થયુંછે. તમે જે નવા સાહસની વાત કરો છો તેમાં પણ લૂંટ અને હુમલાની વાત છે." લાલુસિંગ ઉશ્કેરાઈ ગયો. "તમે કુંડળીના નામે ગપ્પાં મારો છો! તમારી પાસે સાબિતી શી છે?"

"અમે રહ્યા જોષી, અમે ગ્રહો જોઈએ. અમે જજ નથી કે વકીલ નથી. તમે જાણો ને કાયદો જાણે. અમારે તેની સાથે કંઈ લેવા દેવા નથી." લાલુસિંગ બીડી પીતો રહ્યો, "તમારી વાત સાચી છે. તમે વકીલ કે જજ નથી. એટલે તમે આક્ષેપો કરી શકો. પણ તે આક્ષેપો જ રહેશે. પુરાવા વિના તે ગુનો નહીં બને!"

દેવ જોષી બોલ્યા,"હું તમને વધુ માહિતી આપું. થોડા વખત પહેલાં અંબાજી જતી એક ટૅક્સી લૂંટી હતી. અને તે દરમિયાન એક સ્ત્રીનું ખૂન કર્યું હતું."

લાલુસિંગ ચિંતિત થઈને જોઇઈ રહ્યો. આખરે તેણે કહ્યું," તમે કદાચ સાચા હશો. પણ જયોતિષી છો એટલે કાંઈ નહીં કરી શકો,"
"હું કાંઈ નહીં કરી શકું. પણ આ મારા મિત્ર છે તે આ ગામના પોલિસ ઇન્સ્પેક્ટર મિ. ખાન છે. તે તમને વધુ સવાલો પૂછશે, તમારા સાથીઓનાં નામ પૂછશે. . ."

દેવ જોષી બોલી રહે તે પહેલાં લાલુસિંગ ઊભો થઈ જવા માંડ્યો. ઇન્સ્પેક્ટરે તેને રોક્યો.

લાલુસિંગે ઇન્સ્પેક્ટરને કહ્યું, "એક જયોતિષીની વાત પરથી તમે મને ન પકડી શકો! મેં નથી એકરાર કર્યો કે નથી તમારી પાસે કોઈ પુરાવો!" ઇન્સ્પેક્ટરે દેવ જોષી સામે જોયું.

"અરે, તમે પોલિસ છો! મેં તમને ગુનેગાર બતાવ્યો, હવે સાબિતી તમે શોધો! અને ન મળે તો પાછા મારી પાસે આવજો." દેવ જોષીએ પોલીસને જણાવ્યું.

ઇન્સ્પેક્ટર લાલુસિંગને હાથકડી પહેરાવી લઈ ગયા.

૩

દેવદત્તપ્રસાદ માથે હાથ દઈને ખુરશીમાં બેસી ગયા. કલ્યાણીએ અંદર ઊભાં ઊભાં આ બધું જોયું હતું. તે બહાર આવીને દેવદત્ત પ્રસાદની સામે બેસી ગઈ. અને બોલી, "તમારી જયોતીષવિદ્યાએ કમાલ કરી. પણ પોલીસ પુરાવા માટે પાછી આવશે તો તમે શું કરશો?"

દેવદત્તપ્રસાદ કાંઈ ગણગણતા હોય તેમ બોલ્યા, "પેલી વીંટી."

કલ્યાણી પતિને જોઈ રહી.

"છ માસ પહેલાં અંબાજી જતાં મારી બહેન શર્મીનું મોત થયેલું તેનો ઘા હજુ રુઝાયો નથી. અહીં આવ્યો ત્યારે લાલુસિંગે જે વીંટી પહેરેલી, તે શર્મીને આપણે બનાવડાવી આપેલી તે હતી એ યાદ છે?"

પરખાજી પરજાપત
કાન્તિ મેપાણી

(કાન્તિભાઈ વર્ષોથી લખે છે અને હમણાં એમના જીવનનાં સ્મૃતિપટ પર અંકાયેલી વાતો એક પુસ્તકાકારે પ્રકાશિત કરી છે. સંગ્રહનું ખૂબ જ ઉચિત નામ છે "ખોવાયેલા ચહેરા" એમાંથી એક ચહેરાનો અહીં પરિચય કરાવું. આ પુસ્તક ગુજરાતી સાહિત્ય અકાદમીએ બહાર પાડ્યું છે. કિંમત છે રૂપિયા ૯૫.૦૦)

બરોબર ધનતેરસના દિવસે સૂંડલામાં પોતાના નવાનકોર સાડલામાં ઢાંકીઢબૂરીને પરખાજીની વહુ પયણાયાં અને કુલડીઓ આપવા આવતાં.દિવાળીના દિવસોમાં કરવાના દીવાઓની સંખ્યા ગણી બા એમની પાસેથી પયણાયાં લેતાં અને મારા રમવા માટે કુલડા-કુલડીઓ લેતાં.

પરખાજી અમારા ગામના એક માત્ર કુંભાર હતા. કુંભાર, કુંભકાર- એને પ્રજાપતિ પણ કહે છે, કારણ કે એ માટીમાંથી આકારો સર્જે છે. ગામમાં પરખાજીને ઘણાંય લોકો પરજાપત કહીને બોલાવતાં.

પોતાના ઘરની પાછળના વાડામાં પરખાજીનો મોટો નીંભાડો હતો. એમાં એ બારે માસ નળિયાં-દેશી નળિયાં બનાવતા. નળિયાની બે જાત- એક દેશી નળિયાં અને બીજાં વિલાયતી નળિયાં. દેશી નળિયાં ઘણાં કુંભારો બનાવતા. પણ વિલાયતી નળિયાં તો કાઠિયાવાડના મોરબી શહેરનાં કારખાનામાં જ બનતાં.

તળાવેથી નળિયાં માટે માટી ખોદતા પરખાજીને જોયા છે. ખોદેલી માટીને ખોલકાં પર નાખીને પોતાને ઘેર લઈ આવતા એમને જોયા છે.

ગામની વસ્તીને પાણી ભરવા માટે માટલાં જોઈએ, રસોઈ માટે હાંડલાં, તાવડીઓ જોઈએ. અને ઘર બનાવવા ઈંટો જોઈએ, પણ આમાંની એકેય બીજી ચીજ પરખાજી બનાવતા નહીં. એમનો એક જ વ્યવસાય, એક જ કામ એમને કરવાનું અને એ નળિયાં બનાવવાનું. નળિયાં એમની સ્પેશ્યાલિટી.

માટી રોંદવી અને ચાકડા પર નળિયાં ઉતારવા એમાંથી એ નવરાજ ના પડતા.

ગામના બધાંય ઘરોનાં છાપરાં દેશી નળિયાંથી છવાયેલાં. વિલાયતી નળિયાં મોંઘા એટલે ધનવાનોને સિવાય બીજા કોઈનેય પોષાય નહીં. પરખાજી દેશી નળિયાનાં કારીગર.

દેશી નળિયાંને નાળો કહેતાં. અને એ થોકબંધ જોઈતી. જેઠ મહિનો આવતાં દરેકને પોતાના ઘરનાં છાપરાં ચાળવવાનાં હોય. ચોમાસાના ચાર મહિના બાદ કરતાં બાકીના મહિનાઓમાં વાંદરાં આવીને કૂદાકૂદ કરીને છાપરાં પરનાં નળિયાં તોડી ગયાં હોય તે તૂટેલાં નળિયાંને બદલીને નવાં નળિયાં ના મૂકો તો ચોમાસામાં વરસાદનું પાણી ઘરમાં ચૂવે. એટલે કોઈકને તો આખેઆખું ઘર સંચાવવું પડે-એ તો છાપરામાં કેટલું નુકસાન થયું છે એના ઉપર આધાર. નહિતર થોડાઘણાં નળિયાં તો બદલાવવાં જ પડે.

આવી રીતે ગામમાં નળિયાંની માંગ ભારે. અને એકલા પરખાજી જ નળિયાના સપ્લાયર. એટલે વરસના ત્રણસો પાંસઠ દિવસ એ કામ કરે ત્યારે જ પહોંચી શકે.

પરખાજી ચાકડા પર નળિયાં ઉતારતા હોય અને જે રીતે એમનો હાથ ફરતો હોય એ જોઈને તો એમ લાગે કે આ પણ એક કસબ છે, એક કળા છે. એવી જ રીતે એમના વહુને માટી રોંદતાં જોવાં એ પણ. ત્યારે એમની આ સહિયારી પ્રવૃત્તિનો ખ્યાલ તો આવે જ, પણ એમનાં દાપત્યનોય ખ્યાલ આવે.

પરખાજીનું આવું શાંત સરોવર જેવું દાંપત્યજીવન, એમાં સમુદ્રનાં ભરતી અને ઓટ તો હોય જ શાનાં? જાતમહેનત કરીને રોટલો રળનારા બેઉ જીવ. અને એમાંતો પરખાજી તો ભગવાનનું જ માણસ. સંસારના રાગદ્વેષથી જાણે પૂરેપૂરા અલિપ્ત. જિંદગીની આળપંપાળથી વેગળા. એમને તો એમનું કામ ભલું અને એ ભલા. એમને કોઈ દિવસ મંદિરે જતાં જોયાં નથી. એમનું કામ એ જ એમનો પરમેશ્વર. કોઈની સાથે વઢવાડ કરતાંય એમને સંભળ્યા નથી. અને એમને વઢવાડ થાય જ શું કામ? કોઈ વાતનો એમને હઠાગ્રહ નહિ. એમનામાં વ્યવહારકુશળતા ઓછી છે એમ લોકો કહેતા.

એમના ઘરનો કારોબાર, સગાંસંબંધીનાં વહેવારો, ધંધાની લેતીદેતી- એ બધું સંભાળે એમના વહુ. પરખાજીની સરખામણીમાં એમને જબરાં કહી શકાય. સ્ત્રીની જાત, પણ એ કોઈથી ય ગાંજયાં જાય નહિ એવાં. ભલભલા ચમરબંધીનું છોગું ઉતારી લે એવાં એ ભરાડી. શરીરે પણ એવાં હાડેતી કે એમને જોનાર જ શેહમાં આવી જાય.

ગામના એક મહાજનને એક વખત કમત્ય સૂઝી. પરખાજી એક દિવસ ગામતરે ગયેલા એ તકનો લાભ લઈ આ મહાજને પધરાતે પરખાજીનું બારણું ખખડાવ્યું, 'કોણ?' કહેતાં વહુ પથારીમાંથી સફાળાં ઊભાં થઈ ગયાં. આટલી મોડી રાતે જયારે જળ જંપી ગયાં છે ત્યારે કોણ આવ્યું હશે? પથારીમાંથી ઊઠી બારણા સુધી પહોંચતાં સુધીમાં તો એમના મને કેટલાય તર્કવિતર્ક કરી લીધા. બારણા પાસે જઈને એમણે બારણાની તીરાડમાંથી બહાર જોવા પ્રયત્ન કર્યો. બહાર ઊભેલી વ્યક્તિનો આકાર એમને ઓળખાયો, અને કેટલાય વિચારોના ઘોડા એમના મનમાં આમથી તેમ દોડી રહ્યા. તરત જ એમના સ્વભાવમાં રહેલું ભરાડીપણું સિંહની જેમ જાણે ગર્જીને ઊભું થયું. એમણે ફડાક કરતુંક બારણું ઉઘાડ્યું. અને ચિત્તો જેમ પોતાના શિકાર પર તરાપ મારે એવી જ તરાપ મારીને એમણે મહાજનના માથેથી ફાળિયું આંચકી લીધું. અને જેટલા જોશથી એમણે ફાળિયું પડાવ્યું એટલાજ જોરથી એમણે બારણું પાછું બંધ કરી દીધું. મોઢેથી એક હરફ સરખો ય કાઢ્યા વગર. આ અણધાર્યા હુમલાથી મહાજન શિયાંવિયાં થઈ ગયા. એમનું ફાળિયું અંદર અને પોતે બહાર. બરોબરની જોવાજેવી થઈ. પણ જો પરખાજીની વહુ ગોકીરો કરશે તો પોતાનું આવી જ બનશે એ ધાસ્તીએ બિલ્લીપગે પાછા આવીને એ પોતાના ઘરમાં ભરાઈ ગયા. રસ્તામાં એમને થતું હતું કે ધરતી મારગ આપે તો સમાઈ જઉં, પણ ધરતી ફૂયાં એવી ઉદાર છે કે એમના જેવા નફ્ફટને પોતાના ઉદરમાં સંઘરે?

બીજા દિવસથી પરખાજીની વહુ કૂવે, તળાવે, પાદરમાં, ખેતર જતાં-આવતાં જે મળે એને આ કિસ્સો સંભળાવે અને પોતાની વાતની સાબિતીરૂપે મહાજનની પાઘડી પાછી સહુને દેખાડે. ખોબા જેવડું ગામ અને એમાંય વળી આવી વાતના તો પગે ય કેવા ઝડપી હોય! જોતજોતામાં તો ગામ આખાને આ ઘટનાની ખબર પડી ગઈ-છાપાં, રેડિયા અને ટી.વી. વગરની એ દુનિયામાં. પરખાજીની વહુએ મહાજનની આબરુનો આખાય ગામમાં ઘજાગરો બાંધ્યો. અને મહાજન તો પોતાની આબરૂના આ ભવાડા જોવા ઘરમાંથી બહારેય શાના નીકળે? મહિનાઓ પછી ગામના બે ચાર ડાહ્યા માણસોએ જઈને પરખાજીની વહુને સમજાવી એની પાસેથી મહાજનની પાઘડી પાછી લઈ આવ્યા. અને મહાજન જીવ્યા ત્યાં સુધી

પરખાજીની વહુની સામે તો ઠીક, પણ ગામની બીજી કોઈ સ્ત્રી સામેય જોવાની હિંમત શાના કરે? એટલી વાતનું સુખ થઈ ગયું, અને ગામ પરખાજીની વહુની આ બહાદુરી અને ગામની સ્ત્રીઓ ઉપરના એમના આ અદીઠ ઉપકારને વર્ષો સુધી સંભારતું રહ્યું.

ખુશી

નસીમ મહુવાકર

(નસીમ અને એમના વર હરીશ મહુવાકર બન્ને ગુજરાતી લઘુકથાઓ લખે છે અને એમાં એમણે બન્નેએ નામ કાઢ્યું છે. લઘુકથા વિષે મારી સમજ કંઈક આવી છે. જીવનમાં કંઈ અવનવા પ્રસંગો બને છે અને તે પ્રસંગો ટૂંકા અને રમૂજી હોય તો આપણે ટુચકા તરીકે મૂકીએ અને માણીએ. એ જો માનવીની ઊર્મીઓને સ્પર્શે, કે કોઈ ઊંડા વિચારમાં ગરકાવ કરી દે તો તેને લઘુકથા કહીએ. એની ઉપર દસ પાનાની નવલિકા કે બસો પાનાની નવલકથા લખવાની જરૂર નથી. ટૂંકું, ટચ અને હૈયામાં જઈને વસે એટલે લઘુકથાની પરીક્ષામાં પાસ. નાની હોવાથી નાનમ ન અનુભવવી. કિશોર રાવળ)

માસી, માસી કરી, હાથમાં ગલ્લો ખખડાવી, સતત મારી પાછળ ભમ્યા કરતી લાલીથી કંટાળી જઈ, હું રૂમમાંથી બહાર ફળિયામાં હીંચકે બેસી ગઈ. એક તરફ થાક, બીજી તરફ ગુસ્સો ને ઉપરથી લાલીની કનડગત. મને આજે પહેલી વખત લાલી પર ચીડ ચડતી હતી.

પણ થાય શું? ગઈ રાતના અજંપાભર્યા ઉજાગરા અને ચિંતાઓ પછી વહેલી સવારે દીદીને બીજી દીકરીનો હેમખેમ જન્મ થઈ ગયો ત્યારે મેં અને જીજાજીએ નિરાંતનો શ્વાસ લીધો. બે સંતાનોના માતા-પિતા બની ગયેલાની ખુશીએ દીદી-જીજાજીને પ્રફુલ્લિત કરી દીધેલાં; પરંતુ ઘરે પરત ફર્યા બાદ દીદીના ઘરનું વાતાવરણ જોઈ હું ઉદ્વિગ્ન થઈ ગઈ, દીદીના સસરાજી બહાર ચાલ્યા ગયેલા. સાસુજીનું મોં ફૂલેલું, ને નણંદ રસોડામાંથી બહાર જ ન નીકળી. ઘરમાં નાની દીકરીને આવકારવા કોઈ તૈયાર નહીં, ઉપરથી દીદીના સાસુનો બળાપો-"બેયને કે'તી'તી, જોવરાવી લ્યો, પણ મારું કીધું કોઈ માને તો ને!"

દીદી-જીજાજી આવી બાબતોનો સામનો કરવા તૈયાર હતાં પણ મને કેમેય ચેન ન પડ્યું; ને ઉપરથી આ લાલી!

"માસી, ક્યાં છો માસી?" કરતી લાલી ફરીથી મારી સામે આવી ઊભી રહી.

"માસી, આ ગલ્લો ખોલી દોને!"

મને લાલીને એક ચીંટિયો ભરી જવાની ઇચ્છા થઇ ગઈ.

"માસી, પ્લીઝ"

એનાથી છૂટવા મેં એને ગલ્લો ખોલી દીધો. એ મારી બાજુમાં બેસી ગઈ અને ગલ્લો ઠાલવ્યો મારા ખોળામાં.

"માસી, પૈસા ગણી દો ને."

"લાલી, શું કરવા છે તારે પૈસા ગણીને? જા જાતે જ ગણી લે" મેં ગુસ્સાથી કહ્યું.

"માસી, મમ્મી મારા માટે નાની નાની બેન લઈને આવી છે. ને એ બેન મને ખૂબ ગમે છે. મારે એને ગિફ્ટ આપવી છે"

લાલીની આંખોમાં નાની બેનના આગમનની ખુશીને જોઈ મારો ગુસ્સો ક્યાં જતો રહ્યો એની મને જાણ જ ન રહી, ને હું લાલીના પૈસા ગણવા માંડી.

(નસીમ મહુવાકર અને હરીશ મહુવાકરના લઘુકથા સંગ્રહ "અમે"માંથી સાભાર. પ્રકાશકઃ પ્રીત પ્રકાશન)

પારકી મા
હિરેન માલાણી

(મારો મમરોઃ હું નાનો હતો ત્યારે ભાવનગર મૅટ્રિકની પરીક્ષાનું કેન્દ્ર હતું. ગામડાગામના ઓળખીતાના છોકરાઓ પરીક્ષા માટે આવે અને અમારા ઘરે ઊતરે. તે દિ' કુટમુટિયાની મોટી બોલબાલા હતી. એ પદ્ધતિસરના, સફાઈથી છાપેલા પાઠો આખું વરસ આપે અને પરીક્ષા ટાણે અંગ્રેજીમાં કયા કયા નિબંધો આવશે એનાં સૂચનો આપે અને નમૂનાના દાખલાઓ પણ આપે. અને ઘણા આંકના પાડાની જેમ ગોખી રાખતા. એક મારાથી મોટા વિદ્યાર્થી અમારે ત્યાં આવેલા. અંગ્રેજીનો પરીક્ષાનો પેપર આપી નાસીપાસ થઈને ઘરે આવ્યો, કુટુમુટિયાએ સુચવેલા નિબંધમાંથી એક પણ આવ્યો નહોતો! પછી મને કહે કે 'કિશોર, વૉકિન્ગ ટાવર એટલે શું?' મને સમજાણું નહીં, મેં પેપર માગ્યો અને એમણે એક નિબંધનું મથાળું દેખાડ્યું. શહેરના છોકરાનું અંગ્રેજી સારું એટલે મેં કહ્યું, "ભાઈ, આ વૉકિન્ગ ટાવર નથી, પણ ટૂર છે..." અને પેલા ભાઈએ આક્રોશ કર્યો. 'કુટમુટિયાએ 'બાઈસિકલ ટૂર' નિબંધ આપેલો. સાઈકલ બાજુમાં મૂકી દઈએ તો ફિટોફિટ આવી જાત....' પારકી ભાષા ઈ પારકી ભાષા...)

મૅડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવવાની પરીક્ષામાં અમુક શબ્દોના અર્થો માગેલા અને તેના કોઈ એ આપેલા જવાબો જુઓ.

ઍન્ટીબોડી	બધ્ધાની વિરુદ્ધમાં
આર્ટરી	કલાનો અભ્યાસ
બૅક્ટિરિયા	કાફેટેરિયાનું પાછળનું બારણું
સિઝેરિયન સેક્શન	રોમનું એક પરું
બોવેલ	'એ', 'ઈ', 'આઇ' જેવા સ્વરો
કાર્ડીઓલોજી	પત્તાની એક રમત
કૅટ સ્કાન	બિલાડી માટે ખાંખાખોળ
કૉનિક	કાગડાનું ગળું
કોમા	અર્ધવિરામ
સિસ્ટ	બહેન માટે હુલામણાનું નામ
ડાયાગ્નોસિસ	તિરકસ નાક
ડાઇલેટ	સ્વ. ડાયેના
ડિસ્લોકેશન	આ જગ્યાએ

ડ્યુઓડેનમ	જિન્સ પહેરેલું એક યુગલ
ઍનિમા	દુશ્મન
લૅક્ટોઝ	પગના અંગૂઠા વગરનો
મિનોપૉઝ	હું રાહ નહીં જોઉં
માઇક્રોબ્ઝ	નાના નાના સદરાઓ
ઓબેસિટી	ઓબે નામનું જાપાનનું ગામ
પ્રોટીન્સ	કિશોર-કિશોરીઓની તરફેણમાં
પલ્સ	કઠોળ
પસ	નાનકડી બિલાડી
રેડ બ્લડ કાઉન્ટ	લોહીચૂસ ડ્રાકુલા
સિક્રીશન	કંઈ સાંતાડવું
ટેબ્લેટ	નાનું ટેબલ
યૂરિન	તમે ઘરમાં છો
વેઈન	ફ્યારે
વિટ્રીઅસ હ્યુમર	અફ્કલવાળો વિનોદ

જોડણીનો અનુપમ ઇલાજ?

કિશોર રાવળ

'...સંભવામિ યુગે યુગે'માં આપેલાં વચન મુજબ લોકો તારણહારની રાહ જોતાં બેસે છે તેમ ગુજરાતી જોડણીના પ્રશ્નોના ઉકેલ માટે કેટલાંક ગુજરાતીઓ કોઈ સો ટકા સ્વદેશી બિલ ગેઈટ્સની રાહ જોતાં બેઠાં છે કે હે તારણહાર, તું જો એક અફલાતૂન સ્પેલચૅકર બનાવ તો ગુજરાતીના બધા લોચા અટકે અને અશુદ્ધિમાં એક લક્ષ્મણરેખા અંકાય!

ગુજરાતી સ્પેલચૅકરની વાત બાજુએ મૂકીએ તો અંગ્રેજીમાં પણ એ પ્રશ્ન પૂરો હલ થયો નથી. જુઓ આ એક નમૂનો

Eye halve a spelling chequer

It came with my pea sea
It plainly marques four my revue
Miss steaks eye kin knot sea.
Eye strike a key and type a word
And weight four it two say
Weather eye am wrong oar write
It shows me strait a weigh
As soon as a mist ache is maid
It nose bee fore two long
And eye can put the error rite
Its rare lea ever wrong.
Eye have run this poem threw it
I am shore your pleased two no
Its letter perfect awl the weigh
My chequer tolled me sew

ગુજરાતી જોડણીનો વિચાર કરીએ. પણ પૈડાં માટે પેટન્ટ લેવા પહેલાં આ ક્ષેત્રે બીજાઓએ શું કર્યું છે તેનો વિચાર કરી એમાંથી શું શીખી શકાય તેનો અભ્યાસ કરીએ.

અહીં સ્કૂલોમાં બે નિયમો પર ભાર આપે છે.

- નિયમ ૧ઃ તમારા હરેક શબ્દના સ્પેલિન્ગ પર શંકાની નજરથી જુઓ. અને
- નિયમ ૨ઃ એ શબ્દ ડિક્શનરીમાં જોઈ, અર્થ ચકાસી લો અને એ પ્રમાણે સ્પેલ કરો. દરેક પાસે કોશ હાથવગો હોય અને આ બે નિયમો ચીવટથી અપનાવો એટલે નવ્વાણું ટકા ભૂલો ન થાય. ૧ ટકો બાકી રાખવાનું કારણ આગળ જોઈશું.

આ પદ્ધતિને લીધે ક્યારે threw વપરાય અને ક્યારે through, ક્યારે suite અને sweet તેની ઘડ બેસી જાય. પછી 'રમાના પતિએ ચા પીતા મારા પિતાને પૂછ્યું કે હવે બધું પતી જવા આવ્યું છે?' એ એક પણ ભૂલ વગર લખાવા માંડશે.

તો આપણે આ સીધો રસ્તો કેમ અપનાવી ન શકીએ? એમાં શું તકલીફ છે? જરા તપાસીએ.

૧. ધાતુ અને રૂપોઃ દરેક નામ, વિશેષણ કે ક્રિયાપદને એક મૂળ સ્વરૂપ (ધાતુ) હોય છે (છોકરો, રાજા, લીલું, કરવું, દોડવું વગેરે) અને વિભક્તિ, વચન કે કાળ પ્રમાણે ફેરફાર થાય. કોશમાં ધાતુ મળે પણ એના બધાં રૂપાન્તરો ન મલે. 'છોકરો' મળે પણ 'છોકરાને' ન મળે, 'લીલું' મળે 'લીલો' ન મળે, 'કરવું' મળે પણ 'કરી', 'કર્યું, 'કરવાનું' ન મળે. થોડાંક રૂપાન્તરોના નિયમો શીખી લો તો ધાતુની જોડણી શોધી તમે સાચાં રૂપો લખી શકો. 'છોકરાની'માં 'ની' જ આવે 'નિ' નહીં એટલું જ યાદ રાખવું જોઈએ.

૨. જોડણીના નિયમોઃ જોડણીના સરળીકરણના હિમાયતીઓ કહે છે કે જોડણીના નિયમો અઘરાં છે. કેટકેટલા નિયમો અને સૌને પોતપોતાના અપવાદો હોય. એ વાત સાવ સાચી પણ એટલે જ કોશ ઘડાયોને? નિયમોનાં મૂલ્યાંકનો કરવાનું તેના પંડિતો પર છોડી દઈએ અને બાકીનાં આપણે કોશ લઈ એકસૂત્રતા જાળવીએ, બસ કામ પત્યું. સમય માટે આકાશના નક્ષત્રો જોવાને બદલે ઘડિયાળ સીધો સરળ રસ્તો છે, તેની જેમ કોશ 'નીતિ' લખવું કે 'નીતી' એનો ઝાઝી લમણાઝીક વગર જવાબ આપી શકે.

૩. કોશમાં રહી ગયેલા મુદ્રણદોષોઃ દલીલો થાય છે કે કોશમાં પણ ભૂલો હોય છે. એ પ્રશ્ન પ્રકાશક અને પંડિતો વચ્ચેનો છે. વહેતી ભાષા પ્રમાણે પ્રમાણભૂત કોશમાં ફેરફારો કરી નવી કોશની આવૃત્તિ જવાબદારીથી ઈરૅટા વગર, નિયમિત રીતે બહાર પડાવી જોઈએ. બાર વર્ષે બોલી બદલાય અને બાર મહિને પણ બોલી બદલાય. ચર્ચા પાછળ સમય ગાળીએ છીએ, લખાણો લખાય છે, તુમુલ યુદ્ધો થાય છે અને દવાઓનો ઉપાડ વધે છે એના ખર્ચાના પ્રમાણમાં નવી આવૃત્તિના ખરચા કંઈ નથી.

૪. કોશની કિંમત :કોશનો ખરચો સૌને ન પરવડે એવી પણ ચર્ચા થાય છે. સસ્તામાં સસ્તો ગુજરાત વિદ્યાપીઠનો જોડણી કોશ છે દસ રૂપિયામાં મળે છે, સાર્થ કંઈ મોંઘો નથી અને બીજા પર્યાયો પણ ઘણાં છે, પરવડે તેવા છે.

૫. વિદ્યાર્થીઓની મનોદશાઃ છોકરાંઓ જોડણી શીખવા જ નથી માગતા એવી દલીલો શિક્ષણશાસ્ત્રીઓ કરે છે. દરેક વિદ્યાર્થીદીઠ કોશ ન ખરીદાય તો દરેક વર્ગ દીઠ કોશ હોવો જોઈએ અને એ અઘરું નથી. કોશ જોતાં શીખવાડો અને એનો આગ્રહ રાખવો જ જરૂરી છે.

૬. કક્કાવારી : કોશમાં કક્કાવારીનો ક્રમ શું છે અને 'હ્ર' એ 'હ' અને 'મ' નો જોડાક્ષર છે, 'રૂ' એ 'ર' અને 'ઊ'થી બનેલો છે, 'જ્ઞ' 'જ' અને 'ઞ'નું સંયોજન છે, 'ક્ષ' 'ક' અને 'ષ'થી બને એ કોશમાં શરૂઆતમાં આપવાની જરૂર છે જેથી કોની પછી શું આવે એ સૌને સ્પષ્ટ થાય.એક રસ્તો સૂઝે છે કે વ્યંજનો, વ્યંજન-સ્વર જોડાણ, જોડાક્ષરો એ બધાં એક જગાએ, કોશમાં જે ક્રમ વપરાયો હોય તે ક્રમમાં દર્શાવવામાં આવે. નીચે એ ક્રમ દૃષ્ટાંત માટે (અપૂર્ણ સ્વરૂપમાં) દેખાડ્યો છે.

ક કા કિ કી કુ કૂ કૃ કે કૅ કૈ કો કૉ કૌ
ક્ક ક્ષ ક્શ ખ ખ્ર ....
ગ ગ્ન ગ્ર
જ જા જી જ્ઞ જૂ ... આ શ શ્ચ શ્ર શ્ર શ્લ શ્વ
ષ ષ્ટ ષ્ટ્ર ષ્ઠ સ સ્ત્ર સ્ન સ્હ હ હ્ન હ્મ હ્ય હ્ર હ્લ હ્વ

અથવા પાને પાને આગળપાછળના થોડા અક્ષરો દર્શાવવામાં આવે. દાખલા તરીકે 'ક'ના વિભાગમાં દર પાને

ક ક્ક ક્ષ ક્શ (ક કા કિ કી કુ કૂ કૃ કે કૅ કૈ કો કૉ કૌ)

'સ'ના વિભાગમાં દર પાને

સ સ્ત્ર સ્ન સ્હ (સ સા સિ સી સુ સૂ સૃ સે સૅ સૈ સો સૉ સૌ)

૭. અનુસ્વાર વિષે દ્વિધા: ક્યાં અનુસ્વાર અને ક્યા અર્ધો વ્યંજન આવી શકે એ વિષેની સ્પષ્ટતા કરવી જોઈએ. 'સુંદર' કે 'સુન્દર', 'ચંપા' કે 'ચંપા', "થાંથું' કે 'થાન્થું' કયાં સાચાં? બન્ને? અને એ બધાનો જવાબ કોશમં મળી શકે પણ નામ વિશેષણના રૂપોમાં અનુસ્વારો ક્યાં આવે તેના નિયમો સીધાં છે પણ કોઈ જગાએ એ વિષે સાદી સીધી મારી નજરે આવી નથી. સૌથી અઘરું તો કૃદંતો પારખીને ક્યારે અનુસ્વારો મૂકવા તેની સમજ માટે કદી ભૂલ ન પડે એવાં નિયમોનો અભાવ. આગળ પેલા એક ટકાની વાત કરી હતી તે આ!

૮. વિરામચિહ્નોનાં ઉપયોગ: આ વિષય જોડણીની ચર્ચામાં આવે કે ન આવે પણ ભૂલ વગરનું લખાણ લખવામાં આના નિયમો જરૂરી છે. આપણા બધાં વિરામચિહ્નો અંગ્રેજીમાંથી જ ઉપાડેલાં છે તો અંગ્રેજી ડિક્શનરીમાં અપાતા સચોટ નિયમો અપનાવી ન શકાય? સ્પેઇસ (ખાલી જગા) ક્યાં કેટલી મૂકવી; અવતરણ ચિહ્નો અને અર્ધવિરામ, પૂર્ણવિરામ વગેરેના નિયમો; કૌંસ પહેલાં, પછી અને અંદર કેટલી સ્પેઈસ છોડવી જોઈએ તે વિષે સ્પષ્ટ કથન જરૂરી છે.

તમારે ચાર પગલાનો એક પ્રોગ્રામ અપનાવવો છે?

૧. એક કોશ ખરીદો

૨. મનમાં સ્ફૂરણા આવે તેમ લેખ, વાર્તા, કવિતા, કે પત્રો લખી નાખો, જોડણીની ચિંતા વગર.

૩.

૩. પછી જે જે શબ્દોમાં ' ઇ' ,' ઈ' ,'ઉ' ,' ઊ', 'ઋ','િ , 'ી', 'ુ', 'ૂ', 'ૃ', 'શ', 'ષ', 'રુ', 'રૂ', 'દ્ધ', 'ધ્ધ' આવતા હોય તેને કોશમાં જોઈ ચકાસો, જરૂર પડે ત્યાં સુધારો. કેટલી ભૂલો છે તેનો આંકડો એક બાજુ લખી રાખો અને સાથે કુલ શબ્દોની સંખ્યા લખો..

છ મહિનામાં પછી તમે જુઓ તમારી જોડણી કેટલી બધી સુધરી ગઈ છે.

નાની આંખોની નજરે

હિરેન માલાણી

(ઇન્ટરનેટ ઉપરથી)

જૅકે (ઉમ્મર ૩) નાની બહેનને ઘવરાવતી માને નિરખી પછી પૂછ્યું, "બે શાને માટે છે? હૉટ અને કોલ્ડ દૂધ માટે?"

મૅલની(ઉમ્મર ૫) દાદીમા પાસે ગઈ અને પૂછ્યું કે "તમારી ઉમ્મર કેટલી?" તો દાદીમા કહે, "બેટા, ઉમ્મર એટલી બધી છે કે મને હવે યાદ નથી." મૅલની કહે, "તો દાદીમા, તમારી ચડ્ડી કાઢીને જોઈ લો ને ત્યાં ઉમ્મર લખી હોય. મારી ચડ્ડી ઉપર લખ્યું છે પાંચથી છ"

સ્ટીવન (ઉમ્મર ૩) રાતના સૂવા જતી વખતે માને ચૂમી કરતાં બોલ્યો,"મામ,તું મને એટલી વહાલી છે કે તું મરી જાય ત્યારે હું તને મારા બેડરૂમની બારી આગળ દફનાવીશ."

માઈકા (ઉમ્મર ૩) કહે, "મૉમ, વૅલેન્ટાઈન્સ ડે ક્યારે આવે?""ફેબ્રુઆરીમાં". એક પળ પછી બીજો પ્રશ્ન, "ફેબ્રુઆરી ક્યારે આવે?" "જાન્યુઆરી પછી" કંઈ આગળ જવાબ ન મળ્યો એટલે માએ પૂછ્યું,"કેમ શાને માટે પૂછે છે? શું કોઈને વૅલેન્ટાઈન્સ કાર્ડ મોકલવું છે?" "હા" "કોને?" "દાદાને..." પછી દાદા માઈકા ઉપર લટ્ટુ થઈ જાય તો નવાઈ શું?

મિતા(૪ વર્ષની) માને વળગી કવરાવતી હતી. માએ કંટાળીને કહ્યું, "વાંદરી, છોડ મને!" તો કિલકિલાટ હસતી એ બથ ભરી માની છાતીએ વળગી અને કહે, "જો, જો, હું તો વાંદરીનું બચ્ચું છું!"

બ્રિટની(ઉમ્મર ૪)ને કાનમાં દુઃખતું હતું અને ટીકડી જોઈતી હતી. બાટલી ખોલવા ઘણા પ્રયત્ન કર્યા પણ કંઈ બાટલીએ મચક આપી નહીં. મા કહે, "આ બૉટલ નાનાં છોકરાંથી ખૂલે એવી નથી. મારે ખોલી આપવી પડશે." આશ્ચર્યચકિત થઈ બ્રિટની બોલી,"હું ખોલવા મથું છું એ બાટલીને કેમ ખબર પડે?"

સૂઝન(ઉમ્મર ૪)ને જયૂસ પીતાં હેડકી ચડી. "મા, આ જયૂસ કદી નહીં આપતી. એનાથી મારા દાંતને ઉધરસ આવે છે."

ડાએન (ઉમ્મર ૪) ઘણીવાર મમ્મી સાથે સૂપરમાર્કેટ જતી અને ત્યાં શાકભાજીને કાંટા ઉપર ચડાવી કેટલાં પૈસા આપવાના એ રસથી જોતી. એક દિવસ ઘરના વજનના કાંટે ઊભી રહી અને મમ્મીને પૂછ્યું, મૉમ, હું કેટલા ડૉલરની છું?"

માર્ક(ઉમ્મર ૪) રૅસ્ટૉરન્ટમાં એકબીજાને વળગી ચુંબન કરતાં એક યુગલને મીટ માંડી નિરખતો હતો. તેણે જરા પણ નજર ફેરવ્યા વિના તેના ડૅડીને પૂછ્યું, "ડૅડ, આ માણસ પેલીના મોઢામાં શું ગુસપુસ વાત કરે છે?"

ફ્રિલન્ટન (ઉમ્મર ૫) તેના બેડરૂમમાં કંઈ ચિંતાતૂર બેઠો હતો. માએ ચિંતાનું કારણ પૂછ્યું તો કહે કે, "મારાં લગન થશે પછી આ બેડનું શું કરશું? આમાં મારી વાઈફ કેમ સમાશે?"

ટૅમી(ઉમ્મર ૪) તેની મા સાથે જતી હતી અને એક ઓળખીતી વૃદ્ધા તેમને મળી. ટૅમીએ એક નજર નાખી પેલી બાઈને પૂછ્યું, "તમારી ચામડી ચહેરા ઉપર ફિટ નથી થતી. ખેંચીને ગાદલાની નીચે ભરાવી દો ને!"

(મારો મમરોઃ દુનિયાના બધાં લોકો એકસરખા કે નહીં એ વિવાદાસ્પદ વાત છે પણ બાળકો વિશે તો છાતી ઠોકી કહી શકું કે એમનાં દુન્યવી રંગોએ રંગાયા વગરના, પ્રમાણિક, કુતૂહલપ્રેરિત કથનો આપણને હસાવી જાય છે, રડાવી જાય છે અને ઘડીક વિચારમાં નાખી દે છે. આવાં ત મારા અનુભવમાં મળેલા રત્નો મોકલી આપશો? અનેરી ભભક આવશે.)

છેલછબિલી છબીઓ
ઇધરઊધરથી સાંપડેલું

(ઇન્ટરનેટ ઉપરથી. I do not wish to violet any one's copyright. If I am doing so, please let me know. I will be happy to remove it in a snap!)

ચાર્લી બ્રાઉને કહ્યું છે કે "હૂંફાળું ગલૂડિયું એટલે સુખની પરાકાષ્ટા!" **(Happiness is a warm puppy!**) વહાલું લાગે એવું આ કુરકુરિયું! કેવું નિરાંતવું સૂતું છે અને કેવું ઇન્વેન્ટિવ ભેજું!

(એક બીજા મિત્ર તરફથી સાભાર)
પહેલાં આ ફોટો જુઓ. કંઈ સમજ ન પડે એવું ચિત્ર ફૂટપાથ પર કર્યું છે. પણ જરા ઝીણવટથી જુઓ તો એની પાછળ એક સફેદ ડંડો દેખાશે. એ જગાએથી તમે નજર કરો તો ...

	આવું દેખાય!
	એક જ દૃષ્ટિકોણથી જોવાનાં બીજાં ચિત્રો. અહીં આ કોકોકોલાની બાટલી,અને તેનું પ્રતિબિંબ... ઇન્ગલિશ કલાકારનું નામ છે કલાકાર જુલીઅન બીવર. દેશ વિદેશ ફરી એના ચિત્રો લોકોને દેખાડે છે.
	અને અહીં એક ખાડો, અંદર ભરેલું પાણી અને એમાં તરતી બોટ,
	અહીં કમ્પ્યુટર,

	અને આ ખોદી કાઢેલું ફૂટપાથનું ચોસલું એ બધાં ચીતરેલાં છે. આંખને છેતરવાના ધંધા!
	(કૌશિક અમીન તરફથી સાભાર) કોરિયાની કળાનો એક નતનવો નમૂનો! તરબૂચને કાતરી કરેલી આ ડિઝાઈનો જુઓ. ધારો ત્યાં કલા સર્જી શકો છો. આ એક ગુલદસ્તો...
	આ ટેબલ સેટિન્ગ્ઝ...

અને આ વાન ગોગ. તરબૂચની છાલ, તળિયું અને અંદરનો લાલ ગર ત્રણેનો ઉપયોગ કરી લોકો દાંતમાં આંગળા ઘાલી દે તેવું રચ્યું છે. આંગળા જ દાતમાં ઘાલવા રહ્યાં, આને ખાવા બટકું કેમ ભરાય?

(મલય ભટ્ટ તરફથી સાભાર)

સૌને અકારા થઈ પડેલા અમેરિકાના ઉપપ્રમુખ ઍગ્ન્યુ પર કોઈએ દળદાર પુસ્તક લખ્યું. શીર્ષક હતું 'વિટ ઍન્ડ વિઝડમ ઑવ વાઈસ પ્રેસિડન્ટ ઍગ્ન્યુ" તેમાં એક પાનાની જીવનરેખા પછી ૨૦૦ પાના (કે ૧૯૭ પાનાં) કોરાં હતાં. ફટાફટ છાપેલી બધી નકલો વેચાઈ ગઈ!

હમણા પ્રેસિડન્ટ જયોર્જ બુશ ભારત ગયા. અને તે વખતે ખેતીવાડીથી માંડી ક્રિકેટ અને 'નુક્યુલર' વિજ્ઞાન પર ઊંડી વિચારણાઓ કરી તે વખતનું તાદૃશ ચિત્રણ લીધું છે (પણ ભલા, પોસ્ટઑફિસે દોડીને આ ટિકિટ લેવા જતા નહીં. નવરા બેઠા કોઈને નુસખો જડ્યો અને ચીલાચાલુ કમ્પ્યુટરનું કામ કંટાળાજનક લાગતાં, ડેટાબેઈઝ બાજુએ મૂકી કોઈએ 'ફોટોશોપ' લઈ જરા તોફાની વૃત્તિથી મનના તરંગોને સાકારકર્યા.પણ એમાંય ખેડૂતની વહુના વૉર્ડરોબ વિષે બહુ જ્ઞાન દર્શાતું નથી એમ મને લાગે છે. કિશોર રાવળ)

મનમાનીતી

મનમાં વસી ગયેલી નવી કે જૂની ચોપડીઓ કે ફિલ્મો વિષે ટૂંકી ટૂંકી ભલામણો અહિ રજુ કરું છું. સોગઠાઓ નાખી પસંદગી કરી છે એટલે એનો ક્રમ નિરર્થક છે. વિશ્વ-વિખ્યાત કૃતિઓને આમાંથી જાણી જોઈને બાતલ રાખી છે.

ણ ભાગ લઈ શકે છે. પુસ્તક કે ફિલમ વિષે થોડી માહિતી અને તેને વાંચવા કે જોવા માટે જરા ચટાકો લગાડે તેવું ૧૦ થી ૨૦ લ
લી આપો.

રેબેકા

મારે વાત તો કરવી છે એક ચોપડીની પણ એ પહેલાં બીજી ચોપડીની વાત કરવી પડશે.

અંગ્રેજ લેખિકા ડૅફ્ની ડુ મોરિયરની 'રેબેકા' નવલકથા અને તેના પરથી તે નામની આલ્ફ્રેડ હિચકૉકની મૂવીની વાર્તા ટૂંકમાં કહું.

વાર્તા પહેલો પુરુષ (કે પહેલી નારી) એકવચનમાં લખાઈ છે અને તેનાં કારણે 'હું','મને', 'મારું' સિવાય વાર્તાના કથકનું બીજું કોઈ નામ મળતું નથી. એટલે એને એફ્રસ કહીશું?

એફ્રસ બિચારી ગરીબ ઘરની, ઈંગ્લિશ અનાથ છોકરી, થોડું એવું ભણતર અને ઈન્ગલેન્ડમાં જન્મી હોવાથી સહજ જ ત્યાંની સામાજિક રસમોને જાણતી હતી. એક પૈસાદાર, પૈસાના મદ વાળી અમેરિકન મહિલા મિસિસ હૉપરની સાથે સાગરિત તરીકે યૂરોપમાં ફરવાનો જૉબ કરતાં મૅક્સમ ડિ વિન્ટરના સંપર્કમાં આવે છે. મૅક્સમ ખૂબ પૈસાદાર ઈન્ગ્લિશમૅન હતો. મૅક્સ્મે થોડા વખત પહેલાં જ એક બોટના તોફાનમાં તેની 'સર્વગુણસંપન્ન' પત્ની રેબેકાને ગૂમાવી હતી એટલે કોઈ રીતે, કોઈને કલ્પના ન આવી શકે કે આ સાદી સીધી એફ્રસ તરફ મૅક્સ્મ આકર્ષાય શકે - પણ ન થઈ શકે એવું થતું આવ્યું છે. સૌ ફાટી આંખે જોતાં રહે છે અને મૅક્સમ એફ્રસને પરણી જાય છે. એફ્રસને એક દહેશત કે પોતે એ મૃત રેબેકાની તુલામાં કેમ ટકી શકશે. રેબેકાની વાતમાં હંમેશા મૂંગો રહેતો મૅક્સમ એફ્રસના મનમાં એક માન્યતા પાકી કરે છે કે એ રેબેકાને ભૂલી નથી શકતો. પણ વાત જૂદા વળાંકો લે છે, રહસ્ય ઘૂંટાય છે, ઘેરાય છે અને વાચકને તાઝ્જુબ કરે એવો અંત આવે છે. આલ્ફ્રેડ હિચકૉકનું મૂવી પણ હલબલાવી નાખે તેવું છે. નવલકથા અને મૂવી બન્ને વિષે ઊંડી ભલામણ કરું?

મિસિસ ડિવિન્ટર

ડેફ્ની ડુમોરિયરની 'રેબેકા' લખાણી ૧૯૩૮માં અને હવે ૧૯૯૩માં સુઝન હિલ વાર્તાનો ઉત્તરાર્ધ લખે છે, બિલ્કુલ ડેફ્ની ડુમોરિયરની શૈલીમાં!

વાર્તાનો પરદો ખૂલે છે મૅક્સમની બહેન બિઆટ્રિસના મૃત્યુથી. ઈન્ગલૅન્ડની સ્મૃતિઓ કડવી હોવાથી મૅક્સમ અને એફ્રસ યૂરોપમાં ફરતાં રહેતાં હોય છે. બિઆટ્રિસ મૅક્સમને બહુ જ વહાલી હોવાથી બિઆટ્રિસના દફન વખતે હાજરી આપવી જ જોઈએ માટે બીજી રીતે કમને પણ આ બન્ને જણા ઈન્ગલૅન્ડ જાય છે એક કે બે દિવસ માટે. દફનને બીજે દિવસે કબરસ્તાનમાં ચક્કર મારતાં એફ્રસને બિઆટ્રિસની કબર પર એક રીથ, ફૂલ-પાનની ગૂંથવણી, દેખાય છે જે બીજાં બધાનાં ફૂલોને ઝાંખા પાડી દે તેવી અને સાથેનું કાર્ડ વાંચતાં મોકલનાર તરીકે મરોડદાર આર, રેબેકાના સહી-સિક્કા જેવા, નજરે પડે છે અને ભૂતાવળ આળસ મરડી ઊભી થાય છે.

અને મિસિસ ડિવિન્ટરની ખાનાખરાબી થઈ જાય છે. વરખોળવો નહોતો તે ભૂતકાળ ફરી સામે આવી ઊભો. અને ઉપર નીચે અડબડિયાં ખાતી વાર્તાનું અફીણ ઘોળાય છે.

બધાં પાત્રોના આલેખનને વફાદાર રહી, ફરી ઈન્ગ્લૅન્ડનો એ ચિતાર સરસ થયો છે. ત્યાંના જીવનનું ચીતરણ અદ્ભુત છે. અને એ પ્રયોગ તરીકે પણ વાંચવા જેવી વાર્તા છે.



Tsotsi

ઘણા વખતે એક ખૂબ જ સંતોષ પમાડે એવું આ મૂવી જોયું. સાઉથ આફ્રિકાના આફ્રિકાન્સની વસાહત એટલે આપણી ઝુપડપટ્ટીઓની તોલે આવે એવી, માનવીને હીણ કરી મૂકે એવી વસાહત. એમાં રહે સૉટ્સી, ફેલા, બોસ્ટન અને બુચરની ગૅંગ! સાથે ફરવું, સાથે ઝૂમવું, સાથે કરવા સઘળા કામ! મારફાડ કરવી, કોઈને લૂંટવો, મારવો, કોઈની ગાડી ચોરીને સ્પેર પાર્ટ્સ માટે કોઈ કારના કબાડીને વેચી નાખવી એ એમનો વ્યવસાય! એમાં બુચરને, એના નામ પ્રમાણે, કોઈ પણ બહાના નીચે છૂરી ચલાવી કોઈને ટાળી દેવામાં અપરંપાર આનંદ. બધાની મથરાવટી મેલી અને સૉટ્સી એનો સરદાર.

પૈસાદારોના એક વિભાગમાં સૉટ્સી એક દિવસ એક બાઈને બહારથી કારમાં આવતાં જુએ છે. ઘરનો ઇલેક્ટ્રિક દરવાજો બંધ છે. પેલી બાઈ વરસતા વરસાદમાં ગાડીની બહાર નીકળી, બેલ દબાવી તેના વરને દરવાજો ખોલવા બોલાવે છે અને એ તકનો લાભ લઈ બહારથી સૉટ્સી ગાડી ખોલી રિવર્સમાં નાખી કાર ચોરી જવા પ્રયત્ન કરે છે. પેલી બાઈ પાછી ફરી બારણું ખોલી નાખે છે અને તેને કાઢવા સૉટ્સી પિસ્તોલ કાઢી એને મારે છે અને પછી ગાડી લઈને ભાગી નીકળે છે.

થોડે દૂર મારંમાર જતી ગાડીમાં સૉટ્સીને પાછલી સીટમાંથી એક બાળકના રડવાનો અવાજ સંભળાય છે અને એ ચમકી જાય છે. બ્રેક મારી ગાડી ઊભી રાખે છે. અને પાછળ એક બેબીસીટમાં એક આઠેક મહિનાનું બાળક 'ફ્વાં ફ્વાં' કરતું જુએ છે. સૉટ્સીએ કદી કોઈ બાળકને નથી હાથમાં લીધું કે નથી રમાડ્યું. એનું શું કરવું તે સૂઝ નથી. બેબીને ચોરી જવાની કોઈ વૃત્તિ નહોતી, ન કોઈ એવી ભાવના! ગાડી પડતી મૂકી, જેમ તેમ બેબીને એની ગોદડીમાં લઈ પોતાને ઘરે લઈ જાય છે. એ બાળકની જવાબદારી, એને ધવરાવવા માટે પિસ્તોલની અણીએ એક ધાવણા બાળકની માની શોધ, એ મા પરથી પોતાની જ માની ખોવાયેલી યાદ અને સૉટ્સીમાં માનવી બનવાનો જાગતો નાદ...પ્રેક્ષકોની આંખોમાંથી આંસુ સરાવ્યા વગર વાર્તાનો અંત લાવે છે.

માનવીની જીજીવિષા પર પ્રકાશ નાખતા એક પ્રસંગની વાત કહ્યા વિના રહેવાતું નથી. એક વાર સૉટ્સી સ્ટેશન પર એક તુટલી ફૂટલી લારીમાંથી સાલપાંખડા જેવું પોતાનું ઘર, વ્હીલ ચૅર અને પોતાનો થડો બનાવી ભીખ માગતા અપંગ ભિખારી પાછળ તેના પૈસા પડાવી લેવા પડે છે. આ ગંદા ગોબરા, રોગિષ્ટ માણસને જોઈ એક પ્રશ્ન કરે છે, 'મૅન, આ તારું જીવન શાને આટલા જતનથી જાળવી રાખે છે? અમાં તને સવાદ શું આવે છે?' અને પેલો પળનો વિચાર કર્યા વિના, ચૂંચી આંખે જોઈ કહે છે,'હું તડકામાં જઈ બેસું છું અને મને એની હૂંફ



ધ મોર્નિન્ગ રાગ

અંગ્રેજી વાર્તાલાપો, કર્ણપ્રિય કર્ણાટકી સંગીત અને શબાના આઝમીની બેનમૂન અદા! એક જૂદી જ ભાતનું આ મૂવી બનાવ્યું છે. વાર્તામાં સ્વર્ણલતા અને વૈશવી બન્ને સાહેલીઓ છે. એક ગામડામાં રહે. બન્ને પરણેલી અને બન્નેને એક એક દીકરા. આ બન્નેના બહેનપાણાનો પાયો સંગીતના પ્રેમ પર મજબૂત બંધાયેલો. સાથે ગીતો ગાય પ્રાર્થનાઓ કરે. વૈશવીને સરસ વાયોલિન વગાડતાં આવડે.

આનંદથી જીવન ગાળતાં હોય છે અને એક બસ એક્સીડન્ટમાં વૈશવી અને સ્વર્ણલતાનો દીકરો માધવ ખલાસ થઈ જાય છે. સ્વર્ણલતાને આનો ઘા બહુ ઊંડો, રૂઝ્યો ન રૂઝાય તેવો નીવડ્યો. જીવનમાંથી રસ ઊડી ગયો. વીસેક વર્ષ બાદ, વૈશવીનો દીકરો અભિનવ મિત્રો સાથે સંગીતમાં પડી જાય છે અને વેસ્ટર્ન મ્યુઝિકમાં અખતરાઓ કરે છે. અને એમાં ફરી સ્વર્ણલતાનો પરિચય તાજો થાય છે અને સ્વર્ણલતા અને અભિનવ બન્નેના જીવનમાં કૂંપળો ફૂટે છે અને અવનવું ફ્યૂઝન સંગીત ઊભું થાય છે. દીકરો ઝંખતી માને દીકરો મળે છે. અને દીકરાને મા.

અને કૉમિક રિલિફ માટે એક ગોવાળ અને તેની અન્નપૂર્ણા નામની ભગરી ભેંશ મોં પર હાસ્ય ફરકાવી જાય છે એની નોંધ લીધા વગર રહી નથી શકાતું. ફિલ્મમાં કૉમિક રિલિફ શા માટે જોઈએ એ મારો ઝગડો તો એમને એમ જ ઊભો છે!

વિષય સરસ છે પણ ફ્યાંક ફ્યાંક પગથી ગૂમાવી બેસે છે અને ઊંડાણ ગૂમાવી બેસે છે. જરા વધુ પડતા 'કોઇન્સિડન્સ'થી સ્વાદ બગડી જાય છે અને છતાં શબાનાનો અભિનય હંમેશ મુજબ ઝીણવટથી કસાયેલો છે. કર્ણાટકી સંગીત ગમતું હશે તો વધુ મજા આવશે અને પરિચિત ન હો તો એ સંગીતના પ્રેમમાં પડવા માટે આ અણમોલ છે.

સાબુદાણાની ખીચડી

કિરીટ રાવળ

આ માઈક્રોવેઈવની રેસિપી તેલ બહુ ઓછું પીએ છે અને એ અંશે સ્વાસ્થ્ય માટે વધુ સારી

સામગ્રીઓ

ક્રમ	પ્રમાણ	માપ	સામગ્રી
	૧	કપ	સાબુદાણાં
	૧	કપ	શેકીને ભૂકો કરેલા શિંગ દાણા
			મધ્યમ કદના બટેટા, ઝીણા કટકા કરેલાં
	૪		લીલાં તીખાં મરચાં, ઝીણા સમારેલાં
	૧	ચમચી	આખું જીરું
	૧	ચમચી	શેકેલા જીરાનો ભૂકો
	૩	ચમચા	તેલ
	૧	ચમચી	ખાંડ
	૧		લીંબું , નાનું
			મીઠું
			કોથમીર સમારેલી

રીત

૧. સાબુદાણાને ધોઈ અને નીતારી લ્યો. એની અંદર અડધો કપ પાણી, મીઠું ખાંડ, લીંબુનો રસ અને શેકેલા જીરાનો ભૂકો નાખી એક કલાક એક બાજુ રહેવા દો. કલાક પછી પણ જો પાણી રહ્યું હોય તો ચારણીમાં નાખી કોરા પાડો.

૨. માઈક્રોવેઈવ કરી શકાય તેવા વાસણમાં તેલ, જીરું, લીલાં મરચાં અને બટેટા નાખો. ઢાંકીને માઈક્રોવેઈવમાં હાઈ પાવર પર ત્રણ મિનિટ ચડવા દો. બટેટા ચડે ત્યાં સુધી માઈક્રોવેઈવમાંથી કાઢી, હલાવી ફરી ત્રણ મિનિટ માટે અંદર કુક કરો.(કુલ લગભગ નવેક મિનિટ લાગે છે.)

૩. બટેટા ચડી ગયા પછી સાબુદાણા નાખી મિક્સ કરો અને ત્રણ મિનિટ માટે માઈક્રોવેઈવમાં ગરમ કરો-વચ્ચે વચ્ચે હલાવતા રહેજો.

૪. કોથમીર છાંટી ગરમ ગરમ પીરસો.

વાચકો કહે છે

રાજેશ ભોંકિયા (અમદાવાદ)

પહેલા તો આટલે દૂર રહી ને ગુજરાતી આપણી ભાષાને જીવતી રાખવા માટે ખૂબ ખૂબ અભિનંદન!

આખા ગુજરાતમાં પાણીની જેટલી પરબ બંધાવ્યા જેટલું પુણ્ય મળે તેવી શુભેચ્છાઓ.

હવે સાહેબ, આપણે આપની સાઈટ થોડી મોડિફાઈ કરીને સારી બનાવી શકવાનો સરસ ઉપાય માઈક્રોસોફ્ટ કમ્પનીએ આપણા માટે કરી આપ્યો છે કદાચ આપને ખ્યાલ હશે જ. દાખલા તરીકે રીડગુજરાતી.કોમ વાંચજો. હવે આપણી આવી જ સાઈટ બનાવી દેવી જોઈએ તો આ માટેની કોઈ પણ સેવા મારે લાયક હોય તો ગાઈડ કરીશ, તો જલ્દી જલ્દી કૉન્ટૅક્ટ કરજો.

હું અમદાવાદમાં વાસણાના સ્વામિનારાયણ મંદિરમાં લાઈફ-ટાઈમ ડિવોટી અને વેબ ડિપાર્ટમેન્ટ ઇન-ચાર્જ છું અને ફ્રીલાન્સ વેબ-ડિઝાઈનર છું. ગુજરાતીની અસ્મિતાને જીવતી રાખવામાં હું થોડી પણ મદદ કરી શકીશ તો મને આનંદ થશે.

અમારા મંદિરની સાઈટ બનાવવાની સેવા પણ મને મળી છે. ક્યારેક સમય મળે તો સ્વામિનારાયણધામ.ઓર્ગ જોજો અને ન્યુસલેટર વાંચજો જયાં મેં ગુજરાતીને દર્શાવવા નમ્ર પ્રયાસ કર્યો છે. રીડગુજરાતી.કોમના માલિક મૃગેશ શાહ મારા મિત્ર છે. ટૅકનિકલ સપોર્ટ જોઈતો હશે તો તો અમે બન્ને આપી શકશું. થોડું ઍનિમશન, સંગીત મૂકીએ તો કેવું રહેશે? મને થોડી સેવા આપજો. હું ફ્લૅશ-ડિઝાઈન જાણું છું તો ક્યારેક તમારી પરબમાં કડિયા તરીકે કામ આપજો કારણ કે ભગવાનનું આપેલું જ્ઞાન મારા મૃત્યુ પછી મારી સાથે નથી આવવાનું. કોઈ કામ કર્યું હશે તો આવતી પેઢીની દુવાથી મારો આત્મા સદ્‌ગતિએ જશે.

(ખૂબ આભાર. મને યૂનિકોડનો ખ્યાલ છે. હજુ બધાં જ વાંચી શકતાં નથી અને એ મને પરિપક્વ નથી લાગતું. તમે દર્શાવેલી સાઈટ જોતાં શબ્દોમાં ટુકડા પડે છે અને સ્પષ્ટ દેખાતું નથી. 'કેસૂડા'માં યૂનિકોડનો એક પ્રયત્ન કર્યો હતો પણ ઘણાં ઘણાં વાંચી શક્યા નહોતાં. સંગીત પણ આપવા પહેલાં પ્રયત્ન કર્યો છે. તે માટે રેકોર્ડેડ મ્યૂઝિક મળ્યું એટલું આપ્યું. ત્યાં ઘણું નવું સરસ સંગીત મળે છે પણ એ વાપરવાની રજા ન મળે તો વાપરતાં અચકાઉં છું. પણ કોઈ રજા આપતું હોય તો મને તો મૂકવામાં મજા આવશે. કિશોર રાવળ)

જયંતિ પટેલ (રંગલો) વેલિઝિયા કૅલિફોર્નીઆ

('અમે ભાનવગરનાં' પુસ્તક વિષે લખતાં...) પુસ્તક મોકલાવી આનંદની લેવડદેવડ કરવા માટે થોડા શબ્દો.

તમે રવીન્દ્રનાથ ટાગોરના વાક્યનો ઉપયોગ યોગ્ય જ કર્યો છે ('વિદૂષી' વાર્તા). 'દિવસે દિવસે વેદનાને બોધનાને સ્તરે લઈ જઈ, કઠોરને લલીતમાં, ખટાશને માધુર્યમાં પરિપક્વ કરવું એના નામજ વિકાસ!'

તમે એવા વિકાસથી ભાવનગરનાં વગર ભાનનાં અને ભાનવગરનાં(આજનાં મોડર્ન માણસની દૃષ્ટિએ) પણ જેમણે દિલ ખોયું નથી, જેમની હૈયાની કોથળી પ્રેમથી સભર છે તેવા પાત્રો દ્વારા તમારા પુસ્તકની ગૂંથણી વાંચનારની માથાની તૂંબડીમાં, જો એ ગુજરાતી ભાષા વાંચી શકે તો, લાખ લાખ મોતીનો ઝબકારો અને ચમકારો આપી દે છે.

ખટાશને તમારા પુસ્તકની લેવડદેવડ દ્વારા માધુર્યમાં પ્રગટાવી શક્યા છો અને હવે છેલ્લી વાર કહેવા દો કે 'લેવડદેવડ' એ વાર્તા આ પુસ્તકનું હાર્દ છે.

હવે અમેરિકામાં તમને ભાનવગરની સંખ્યા અને માથાની તૂંબડીમાં લાખ લાખ ડૉલર ભરેલા પાત્રો અસંખ્ય મળશે. હૈયાની કોથળીમાં માનવતા ભરેલી વાર્તાઓ લખવાની તમારામાં શક્તિ છે, આવી વાર્તા શોધીને લખવાનું ચાલુ રાખજો!

Girish Dave (India)

Often I am going through Kesuda. and its old issues. Well, it is more interesting for me than even " Economist" or for that matter "National Geographic Magazine".Not because it is in Gujarati, but it brings back my memories of Bhavnagar of fifties and sixties. Secondly, I feel as if I am talking to my School- and College- friends. However, I have lost touch with all my School friends and virtually with all my College friends. Your (should I say "Our") Kesuda substitutes my lost friends, my adolescece and youth.

What is most exciting is however your abounding love for that place even though you live in a different environment, and entirely different culture and, I would say, even different civilization. You have even now retained the charm of the local lingo. Your stories, articles, reminisances and anecdotes are more captivating than even the most interesting stories or novels. I could never imagine that Gujarati language is so powerful and so expressive.

While I studied in Gujarati language and Gujarati is my mother tongue but I have virtually not written anything in Gujarati for the last more than forty years. Even then I feel this mail could have been more expressive if I would have written in Gujarati.

Some of your short stories are extremely moving (particularly the one which I read today "zarukha no popat" ending with the death of "Rasuben").I think that short story and of course so many others are the gems of Gujarati literature. 'Zarukha no Popat' is in any way comparable to Dhumketu's "Post office" .But how come I have hardly seen or read your articles and short stories in Guarati newspapers or magazines?. May be because nowadays I hardly read Gujarati books or magazines except for a Gujarati newspaper (which except for me nobody in my family reads)

You also seem to be a prolific and versatile writer because you write short stories, articles, anecdoetes with the same mastery and poise.

.

સુચિ

કલા	Model..	કિશોર રાવળ	૧
	મદિરા સે ભિગી અખિયા	મહેન્દ્ર શાહ	૧
	પ્રણય ત્રિકોણ	શારદા તરસારિયા	૧
	ડાભી	મહેન્દ્ર શાહ	૨
	વર્ષાનાં રંગો	જય આલગિયા	૨
કવિતા	શબરીનાં બોર	કોકિલા રાવળ	૩
	ગઝલ	'બેફામ'	૫
	તૂટેલી ડાળખીનું ગીત	અનિલ જોશી	૫
	થાય છે	ગૌરાંગ ઠાકર	૫
	એક ચોમાસે	રાજેન્દ્ર શુક્લ	૬
	જલકમલવત્	પ્રીતિ સેનગુપ્તા	૬
	ત્રણ લઘુ કાવ્યો	પન્ના નાયક	૬
	રાત છો ને	શોભિત દેસાઈ	૭
	ખાંપો	રસિલા કડિયા	૭
	કાળ	નિખિલ ત્રિવેદી	૮
	હું	શારદા તરસારિયા	૮
મારો મમરો	નરસીં મે'તાનો ચોરો	કિશોર રાવળ	૯
વાર્તા	પરણ્યાની પહેલી રાત	કિશોર રાવળ	૧૦
	જમણા હાથનો ખેલ	હરનિશ જાની	૧૩
	પરખાજી પરજાપત	કાન્તિ મેપાણી	૧૬
	ખુશી	નસીમ મહુવાકર	૧૮
વિનોદ	પારકી મા	હિરેન માલાણી	૧૯
લેખ	જોડણીનો અનુપમ ઇલાજ?	કિશોર રાવળ	૨૦
વિનોદ	નાની આંખોની નજરે	હિરેન માલાણી	૨૨
ગમ્મત	છેલછબિલી છબીઓ		૨૩
લેખ	મનમાનીતી		૨૮
વાનગી	સાબુદાણાની ખીચડી	કિરીટ રાવળ	૩૧
	વાચકો કહે છે		૩૨